આજનો સુવિચાર
જ્ઞાન મુકત કરે છે, પણ જ્ઞાનનું અભિમાન નર્કમાં લઈ જાય છે

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : કાર્તિક આર. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૬ અંક : ૨૮૯ જૂનાગઢ તા. ૧૪-૧૧-૨૦૨૨ સોમવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

## પ્રથમ તબકકાના મતદાન માટે ફોર્મ ભરવાનો આજે છેલ્લો દિવસ : ઉમેદવારોની ભારે દોડધામ

ગાંધીનગર તા.૧૪: છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલા તડજોડના ગણિત, વિવિધ સમિકરણો, ટિકિટ મળવા માટે કયાંકઉત્સાહ તો કયાંક રીસામણા-મનામણા બાદ હવે આખરે આજે ગુજરાત વિધાનસભાની ચૂંટણીનું પ્રથમતબક્કાનું ફોર્મ ભરવાનોઆજે અંતિમ દિવસ છે. જેના આધારે ૧ ડિસેમ્બરે ૧૯ જિલ્લાની ૮૯ બેઠકોમાં કેટલા ઉમેદવારો વચ્ચેજંગ જામશે તેનું ચિત્ર અંશતઃ સ્પષ્ટ થઈ જશે. ફોર્મ ભરવા માટે આજે અંતિમ દિવસ હોવાથી કલેક્ટર કચેરીમાં મોટી સંખ્યામાં ઉમેદવારો તેમના સમર્થકો સાથે ઉતરી પડયા છે.

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના બંને તબક્કા માટે શુક્રવાર સુધી કુલ ૩૨૪ ઉમેદવારીપત્રો ભરાયા છે. જેમાં પ્રથમ તબક્કાના ૩૧૬ અને બીજા તબક્કાના ૮ ઉમેદવારોનો સમાવેશ થાય છે. શનિવાર-રવિવારના રજાને પગલે ફોર્મ ભરવાની પ્રક્રિયા બંધ રહી હતી. ફોર્મ ભરવામાટેઆજે અંતિમ દિવસ છે અને ૧૫ નવેમ્બર-મંગળવારના ફોર્મની ચકાસણી હાથ ધરાશે. ઉમેદવારો ૧૭ નવેમ્બર-ગુરુવાર સુધીમાં ફોર્મ પરત ખેંચી શકશે. આમ, ૧૭ નવેમ્બરે સાંજ સુધીમાં પ્રથમ તબક્કાના ઉમેદવારોનું ચિત્ર સ્પષ્ટ થઈ જશે. રવિવારે મોડી સાંજ સુધી કેટલીક બેઠકને લઈને પક્ષમાં અસમંજસની સ્થિતિ રહી હતી. જેના કારણે કેટલીક બેઠકના ઉમેદવારોના નામ જારી કરવામાં વિલંબ થયો હતો.

પ્રથમ તબક્કામાં સુરતમાંથી સૌથી વધુ ૧૬, રાજકોટમાંથી ૮, ભાવનગરમાંથી ૭ જયારે કચ્છમાંથી ૬ બેઠકો છે. વર્તમાન સરકારમાં જે મંત્રીઓ જે પ્રથમ તબક્કાની ચૂંટણી લડી રહ્યા છે તેમાં મુખ્યત્વે કનુભાઈ દેસાઈ, જીતુભાઈ ચૌધરી, કિરિટસિંહ રાણા, જીતુભાઈ વાઘાણી, મુકેશ પટેલ, વિનુભાઈ મોરડિયા, પૂર્ણેશ મોદી, હર્ષ સંઘવીનો મુખ્યત્વે સમાવેશ થાય છે. આજે ઉમેદવારો ઢોલ-નગારા, ડીજેના તાલ સાથે કાર્યકરોના શકિત પ્રદર્શન કરતાં ફોર્મ ભરી રહયા છે. બીજા તબક્કા માટે ફોર્મ ભરવાની અંતિમ તારીખ ૧૦ નવેમ્બર-ગુરુવાર છે. જેમાં ૧૮ નવેમ્બરે ફોર્મની ચકાસણી થશે અને ત્યારબાદ ૨૧ નવેમ્બર સુધી ફોર્મ પરત ખેંચી શકાશે. બીજા તબક્કાનું મતદાન પાંચ ડિસેમ્બરના યોજાશે. બીજા તબક્કા માટેઅમદાવાદમાંથી ૩, અરવલ્લીમાંથી ૨ જયારે મહેસાણા-ગાંધીનગરમાંથી ૧-૧ ફોર્મ ભરાયા છે.




### તૂર્કીની રાજધાની ઈસ્તાંબુલમાં બોંબ વિસ્ફોટ ૬નાં મોત ૫૩ ઘાયલ

ઈસ્તાંબુલ,તા. ૧૪: તુર્કીની રાજધાની ઈસ્તાંબુલના તકસીમ સ્કવેરમાં થયેલા બોમ્બ વિસ્ફોટમાં ૬ લોકોના મોત થયા છે અને કુલ ૫૩ લોકો ઘાયલ થયા છે. આ વિસ્ફોટ રવિવારે ઈસ્તંબુલના સૌથી ભીડવાળા વિસ્તારમાં થયો હતો જયારે ત્યાં મોટી સંખ્યામાં લોકો હાજર હતા. બ્લાસ્ટ બાદ એમ્બ્યુલન્સ, ફાયર બ્રિગેડ અને પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે. વિસ્ફોટ કયા કારણોસર થયો તે અંગે હજુ સુધી કોઈ માહિતી નથી. અહેવાલો અનુસાર વિસ્ફોટ બાદ વિસ્તારને ખાલી કરાવવામાં આવ્યો હતો. આ ઘટનાનો એક વીડિયો પણ સામે આવ્યો છે. સ્થાનિક અહેવાલો અનુસાર બ્લાસ્ટ સાંજે ૪:૧૫ વાગ્યે (તુર્કીના સમય અનુસાર) થયો હતો. તુર્કીમાં આ વિસ્ફોટ પહેલો નથી. આ પહેલા પણ ૨૦૧૭ અને ૨૦૧૫માં ઈસ્લામિક સ્ટેટ અને કેટલાક કુર્દિશ જૂથોએ અહીં બોંબ વિસ્ફોટ કર્યા હતા.

### ટીબી, ડાયાબીટીસ સહિતની દવાઓ સસ્તી થઈ જશે

નવી દિલ્હી,તા.૧૪: કેન્દ્ર સરકારે ટીબી, એચઆઈવી, હેપેટાઈટિસ બી, ડાયાબિટીઝ જેવી ગંભીર બિમારીઓ સામે ઝઝૂમી રહેલા લોકોને રાહત આપતા રાષ્ટ્રીય આવશ્યક ઔષધીસૂચિ (એનએલઈએમ) લાગૂ કરીદીધી છે. તેનાથી કેટલીય બિમારીઓની દવા સસ્તી થઈ જશે. જેમાં પેટન્ટ દવાઓ પણ સામેલ છે. લગભગ સાત વર્ષ બાદ અપડેટ આ સૂચી ૧૩ સપ્ટેમ્બરે સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરી હતી. તેને ૩૫૦થી વધારે નિષ્ણાંતોએ બનાવી અને કુલ ૩૮૪ દવાઓ સામેલ કરી છે. તેમાં ૪ એન્ટી કેન્સર સહિત ૩૪ નવી દવાઓ છે. ૨૬ દવાઓ હટાવામાં આવી છે. ૨૦૧૫ની યાદીમાં ૩૭૬ દવા હતી. આ દવાઓ રાષ્ટ્રીય ઔષધી મૂલ્ય નિર્ધારણ પ્રાધિકરણ તરફથીનક્કી ભાવથી વધારે કિંમતે વેચી શકાય નહીં. ફક્ત ઈમરજન્સીની મંજૂરીમાં કોવિડની દવાઓ અને રસી આ યાદીમાં સામેલ નથી કર્યા. યાદીમાંથી બહાર રાખેલી દવામાં રેનિટિડીન, બ્લીચિંગ પાઉડર, વિટામિન સપ્લીમેંટ નિકોટિનામાઈડ સામેલ છે.

## ઈન્ડોનેશિયાનાં બાલી ખાતે આવતીકાલથી જી-૨૦ સમિટ : ચીન - યુરોપમાં સંકટ હોવાનો ધડાકો

નવી દિલ્હી તા.૧૪ : વડાપ્રધાન મોદી જી-૨૦ શિખર સંમેલનમાં ભાગ લેવા માટે આજે ઈન્ડોનેશિયાના બાલી ખાતે રવાના થશે. તેઓ ૧૪થી૧૬ નવેમ્બર સુધી બાલિમાં રહેશે. લગભગ ૪૫ કલાકના આ પ્રવાસમાં મોદી ૨૦ જેટલા કાર્યક્રમોમાં ભાગ લેશે. વિશ્વના દિગ્ગજ ૨૦ દેશોના સમૂહ જી-૨૦ના મુખ્ય શિખર સંમેલનમાં ભાગ લેવા ઉપરાંત વડાપ્રધાન તેમાં ભાગ લેનાર ૧૦ દેશોના પ્રમુખો સાથે દ્વિપક્ષી મુલાકાત પણ કરશે. જેમાં બહુપક્ષીય અને દ્વિપક્ષીય મુદ્દાઓ ઉપર વિસ્તારથી ચર્ચા થશે.

મોદી અને અન્ય જી-૨૦ નેતાઓ વૈશ્વીક અર્થવ્યવસ્થા, ઉર્જા, પર્યાવરણ, કૃષિ, સ્વાસ્થ્ય અને ડિઝીટલ પરિવર્તન સહિત અનેક મુદ્દાઓ પર વિચાર-વિમર્શ કરશે. વિદેશ સચીવ વિનય કવાત્રાએ જણાવ્યું હતું કે સંમેલન ત્રણ વર્કીંગ સેશનમાં હશે, જેમાં વડાપ્રધાન મોદી ભાગ લેશે. જેમાં ખાદ્ય, ઉર્જા સુરક્ષા, ડિઝીટલ પરિવર્તન અને સ્વાસ્થ્ય જેવા મુદ્દા સામેલ છે. જયારે ઈન્ડોનેશિયામાં ભારતીય રાજદૂત મનોજકુમાર ભારતીએ જણાવ્યુ હતું કે ભલે વડાપ્રધાન મોદીનો ઈન્ડોનેશિયાનો આ પ્રવાસ નાનો હોય પણ રાજનીતિક દષ્ટિએ આ પ્રવાસ ખૂબ જ મહત્વનો છે.

જી-૨૦ શિખર સંમેલનમાં મોદી અને બ્રિટીશ પીએમ ઋષિ સુનક સાથે પણ મુલાકાત થઈ શકે છે. વડાપ્રધાન મોદી ઈન્ડોનેશિયા પ્રવાસી ભારતીયો સાથે જોડાવવા માટે સામુહિક કાર્યક્રમમાં પણ સામેલ થશે. શિખર સંમેલનમાં અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડન, બ્રિટનના વડાપ્રધાન ઋષિ સુનક, ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેનુઅલ મેક્રો, જર્મન ચાન્સેલર ઓલાફ શોલ્ઝ અને ચીની રાષ્ટ્રપતિ શી જિનપીંગ પણ ભાગ લેશે. દરમિયાન ખબરો મુજબ અમેરિકી રાષ્ટ્રપતિ બાઈડન આ વર્ષે જી-૨૦ શિખર સંમેલનમાં વડાપ્રધાન મોદીને મળવા ઉત્સુક હોવાનું પણ જાણવા મળ્યું છે.

### પંજાબનાં સંખ્યાબંધ શહેરોમાં ભુકંપનાં આંચકા

અમૃતસર,તા.૧૪: પંજાબના અમૃતસરથી ૧૪૫ કિમી પશ્ચિમ - ઉત્તરપશ્ચિમમાં આજે સવારે ૩.૪૨ કલાકે ૪.૧ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. રાષ્ટ્રીય ભૂકંપ વિજ્ઞાન કેન્દ્ર મુજબ ભૂકંપની ઊંડાઈ જમીનથી ૧૨૦ કિમી નીચે હતી. ઉત્તર ભારતમાં વિતેલા કેટલાક દિવસમાં ઘણી વાર આંચકા આવ્યા છે. ગત અઠવાડીયે દિલ્હીમાં પણ ભૂકંપના ઝટકા અનુભવાયા હતા. દિલ્હીને ભૂકંપના હિસાબથી સંવેદનશીલ માનવામાં આવે છે. બે દિવસ પહેલા પણ પંજાબના કેટલાય વિસ્તારોમાં ભૂકંપના ઝટકા અનુભવાયા હતા. ગત ૧૨ નવેમ્બરની રાતે ૮થી ૮.૧૫ની વચ્ચે ૩૦થી લઈને ૪૦ સેકન્ડ સુધી આંચકા આવ્યા હતા. ચંડીગઢ અને પંજાબ ઉપરાંત સમગ્ર દિલ્હી-એનસીઆરમાં ભૂકંપના ઝટકા અનુભવાયા હતા. રિક્ટર સ્કેલ ઉપર તેની તીવ્રતા ૫.૪ માપવામાં આવી હતી. આ દિવસે સવારે ઋષિકેશમાં પણ ભૂકંપના ઝટકા અનુભવાયા હતા.

## કાંધલ જાડેજાએ એનસીપીમાંથી રાજીનામુ આપ્યું : અપક્ષ ચૂંટણી લડશે ?

પોરબંદર તા. ૧૪
પોરબંદરના રાજકારણમાં એક મોટો પલટો આવ્યો છે. છેલ્લી બે ટર્મથી એનસીપીની ટિકિટથી કુતિયાણાની સીટ ઉપર જીતતા આવેલાં કાંધલ જાડેજાને આ વખતે એનસીપીમાંથી ટિકિટ નહી અપાતા વિવાદ થયો છે. આખરે પત્તુ કપાતા કાંધલે એનસીપીમાંથી રાજીનામું આપ્યું છે.

ઉલ્લેખનીય છેકે, વર્ષ ૨૦૧૨ અને ૨૦૧૭ની ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓમાં કાંધલ જાડેજા કુતિયાણા સીટ ઉપરથી એનસીપીમાંથી ચૂંટણી લડ્યા હતાં. અને તેઓ આ બન્ને ચૂંટણીઓમાં આ બેઠક ઉપરથી જીતીને એનસીપીના ધારાસભ્ય બન્યાં હતાં. જોકે, આ વખતે કેમ વિજેતા ઉમેદવાર હોવા છતાં એનસીપીએ કાંધલની ટિકિટ કાપી એ એક મોટો સવાલ છે. તો તેનો જવાબ એ છેકે, એનસીપી સામાન્ય રીતે કોંગ્રેસની એલાયન્સ પાર્ટી તરીકે કામ કરતી હોય છે. જ્યારે રાજ્ય સભાની ચૂંટણીઓમાં દર વખતે કાંધલ જાડેજા ક્રોસ વોટિંગ કરીને ભાજપને મત આપતા આવ્યાં છે. તેમ છતાં અત્યાર સુધી સીટ બચાવવા માટે એનસીપીએ તેમની સામે કોઈ પગલાં લીધાં નહોતા. જોકે, આ વખતે ટિકિટ કપાતા કાંધલે જાતે જ રાજીનામું ધરી દેવું પડ્યું છે.

## દેશમાં યુનિફોર્મ સિવિલ કોડ લાગુ કરવા કેન્દ્ર સરકારે કવાયત શરૂ કરી દીધી

નવી દિલ્હી : કેન્દ્રની મોદી સરકારે યુનિફોર્મ સિવિલ કોડ લાગુ કરવાની ક્વાયત હાથ ધરી છે. તેના યુનિફોર્નસિવિલકોડનો ડ્રાફ્ટ તૈયાર કરવાનું કાર્ય કાયદા પંચને સોંપાયું છે. અત્યાર સુધી કાયદા પંચના ચેરમેનપદે કોઈ નહોતું. મોદી સરકારે જસ્ટિસ બી.એસ. ચૌહણને કાયદા પંચના ચેરમેન બનાવીને ૧૦૦ દિવસમાં કાયદાનો ડ્રાફ્ટ તૈયાર કરીને કેન્દ્રને સોંપી દેવા કહ્યું છે. જસ્ટિસ ચૌહાણનો કાર્યકાળ ૨૦૨૩ સુધી છે તેથી તેમના કાર્યકાળમાં યુનિફોર્મ સિવિલ કોડ લાવી દેવાશે. ભાજપે પોતનાં ત્રણ મહત્વના વચનોમાંથી અયોધ્યામાં રામ મંદિર નિર્માણ અને કાશ્મીરમાંથી કલમ ૩૭૦ની નાબૂદીનાં વચન પાળ્યાં છે. હવે યુનિફોર્મ સિવિલ કોડ લાવીને ત્રીજું વચન પણ પૂરું કરાશે. આ પહેલાં ૨૧માં કાયદા પંચના કાર્યકાળમાં યુનિફોર્મ સિવિલ કોડ વિશે દેશભરમાંથી પ્રતિક્રિયા, સૂચનો અને વાંધા મંગાવાયા હતા. એ વખતે હલાલા, ત્રણ તલાક જેવા મામલા સુપ્રીમ કોર્ટમાં હતા તેથી આ મુદ્દે નિર્ણય આવી જાય તેની સરકાર રાહ જોતી હતી. સરકારનાં સૂત્રોનો દાવો છે કે, આગામી બજેટસત્રના બીજાભાગમાં આ કાયદો સંસદમાં રજૂ થઈ શકે છે

## ભાજપમાં અનેક બેઠકો ઉપર અસંતોષનો જવાળામુખી : અમિત શાહે ડેમેજ કન્ટ્રોલ શરૂ કર્યુ

ગાંધીનગર તા. ૧૪
વિધાનસભા ચૂંટણી માટે પાર્ટીઓએ ટિકિટની વહેંચણી કરી એટલે આવું થવું સ્વાભાવિક હતું. અસ્વભાવિક એ બન્યું કે ભાજપમાં પહેલીવાર આટલા મોટે પાયે આંતરિક વિરોધ જોવા મળ્યો છે. જે પાર્ટી લાંબો સમય સત્તા ઉપર રહે ત્યાં આવું થવાની શક્યતા વધી જાય છે. કોંગ્રેસ તો વર્ષોથી આ બધાથી ટેવાયેલી છે. આમ આદમી પાર્ટીમાં તો સંખ્યા પૂરી થાય એટલે ભયો ભયો, બળવો કરનારાની વાત ક્યાં કરવી? ભાજપમાં વાઘોડિયાના ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવ આ બધામાં મોખરે છે. તેમને આ વખતે ટિકિટ નહિ મળે એનો અણસાર ઘણા સમય પહેલાં આવી ગયો હતો. ઘણા સમયથી ટિકિટ ટિકિટનું રટણ કરતા હતા અને ટિકિટ ન મળતાં આખરે તેમણે પક્ષ સાથે છેડો ફાડી નાખ્યો છે. વાઘોડીયા ઉપરાંત કેશોદ, ચોર્યાસી, ગાંધીનગર ઉત્તર, વટવા, વઢવાણ સહિતની બેઠકો ઉપર ભાજપમાં બળવા જેવી સ્થિતિ છે. ભાજપમાં એવું પ્રથમવાર બન્યું છેકે, એન્ટી ઈન્કબન્ચી ફેકટર આટલું તિવ્ર હોય, તેનો અણસાર આવી જતાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ખુદ આજે કમલમ પહોંચી ગયા છે અને ડેમેજ કન્ટ્રોલની કવાયત શરૂ કરીદીધી છે.

M.B.B.S. ડોક્ટર M.B.B.S.
Allwyn
Education Group
MBBS in ABROAD
જયોર્જિયા (યુરોપ)ની સારામાં સારી કોલેજમાં એડમિશન વાર્ષિક ફી ફકત રૂા.3.0/4.0લાખ.
- ઉપરાંત ફિલિપાઈન્સ, આર્મેનિયા, કજાકિસ્તાન, કર્ગીસ્તાન વગેરે દેશોમાં પણ એડમિશન
- યુક્રેન ટુ જયોર્જિયા ક્રેડિટ ટ્રાન્સફર સાથે
- PG/UGનાં દરેક વિષયનાં કોર્ષિશ, અમેરીકા, કેનેડા, ઓસ્ટ્રેલિયા, જર્મની, ફ્રાન્સ, ઈટલી અને યુરોપના અન્ય દેશો માટે એડમિશન ફુલ સ્કોલરશીપ સાથે,
- હાફ સ્કોલરશીપ અને તે સિવાય અમારા ફાઈનાન્સિયલ ડિપાર્ટમેન્ટ મારફત બેંક લોન મંજુર કરવામાં સંપૂર્ણ માર્ગદર્શન ફ્રી માં આપવામાં આવશે.
- ૧૩ વર્ષ જૂની, અનુભવી કન્સલ્ટન્સી સાથે તદ્દન ફ્રી માર્ગદર્શન અને કન્સલ્ટન્સી
હેડ ઓફીસ : મુંબઈ - થાના. મો.99207 18269
બ્રાન્ચ ઓફીસ : જૂનાગઢ
માંગનાથ રોડ, કાળવા ચોક પાસે, જૂનાગઢ
મો.95581 67067, 76220 25271
લેડીઝ કલાર્ક જોઈએ છે

હરસ, ભગંદર, ફીશરની
ગુજરાતમાં સૌપ્રથમ અમેરીકન
હાર્મોનિક ફોક્સ, લેસર-HAL-IRC
દાખલ થયા વિના સારવાર
ડૉ. વેકરીયા - પાઈલ્સ હોસ્પિટલ

પવિત્ર અગીયારી મહિના નિમિતે
નાન ખટાઈ/બિસ્કીટ વ્યાજબી ભાવે મળશે
નારાયણ બેકરી
સુખનાથ ચોક, જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.). Pune
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો


તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : પ્લોટ નં. ૪૧૭, જી.આઈ.ડી.સી.-૨, જૂનાગઢ.
સમય : સવારે ૧૦થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...



જૂનાગઢ શહેરમાં ઉપલબ્ધ : ઠા. ધીરજલાલ વનમાળીદાસ 97231 97530, 94283 73350 ; રમેશચંદ્ર મગનલાલ એન્ડ સન્સ 94266 34036

# વેરાવળ સીટી પોલીસે સ્વજનોથી વિખુટી પડેલ માનસિક અસ્વસ્થ મહિલાનું પરિવાર સાથે કરાવ્યું મિલન

## ત્રણ મહિનાથી ગુમાવી હતી માનસિક સ્વસ્થતા, ઘરેથી કહ્યાં વગર જ નીકળી જતા પરેશાન હતો પરિવાર



વેરાવળ, તા.૧૪

વેરાવળની આદિત્ય બિરલા હોસ્પિટલમાં એક અજાણી માનસિક અસ્વસ્થ મહિલા સારવાર અર્થે આવી હતી. જેનું નામ-સરનામું જણાવી શકી નહોતી. જેથી આદિત્ય બિરલાના સ્ટાફ દ્વારા પોલીસને આ બાબતે જાણ કરવામાં આવી હતી. વેરાવળ સીટી પોલીસની ટીમે ત્વરિત મહિલા બાબતે તપાસ હાથ ધરીને પરિવાર સાથે ભેટો કરાવ્યો હતો. જેથી પરિવારે ગદગદિત થઈ પોલીસની સરાહનીય કામગીરીનો આભાર માન્યો હતો.

માનસિક અસ્વસ્થ મહિલાની જાણ થતાં જ પોલીસ ઈન્સ્પેકટર એસ.એમ. ઈશરાણીની સૂચનાથી રામભરોસા ચોકીના પો.સબ.ઈન્સ. આર.એચ.સુવા તેમજ રામભરોસા ચોકીના પો.હેડ.કોન્સ કે.બી.વાદી તેમજ વુમન પો.કોન્સ કાજલબેન સોલંકી ત્વરીત આદિત્ય બિરલા હોસ્પિટલ પહોંચ્યા હતાં. જયાં જરૂરી પ્રાથમિક સારવાર પછી સખી વન સ્ટોપ સેન્ટર ખાતે લઈ જઈ ધરપત અપાવી કાઉન્સેલિંગ કર્યુ હતું.

પોલીસ તપાસમાં એ વાત જાણવા મળી હતી કે મહિલાના પિતરાઈ પંકજગીરી ભાવગીરી અપારનાથી ક્રિસ્ટલ સ્કૂલ ચોકડીની બાજુમાં રહે છે. પોલીસે સખી વન સ્ટોપ સેન્ટર ઉપર તેમને બોલાવતા જ તેઓ બહેનને ઓળખી ગયા હતા પંકજગીરીએ જણાવ્યું હતું કે, છેલ્લા ત્રણ મહિનાથી સોનલબહેને માનસિક સ્વસ્થતા ગુમાવી હતી અને ઘરેથી કહ્યાં વગર જ નીકળી ગયેલ હતા. જે પછી પોલીસે મહિલાનો ભાઈ સાથે ભેટો કરાવી આપી માનવતાની દ્રષ્ટિએ ઉત્કૃષ્ટ અને પ્રશંસનિય કામગીરી કરી હતી.

# જૂનાગઢ વિધાનસભા બેઠક ઉપર ડોર-ટુ-ડોર મતદાતા જાગૃતિ અભિયાન શરૂ

## મહત્તમ મતદાન માટે સકારાત્મક વાતાવરણ ઉભુ કરવા માટે બૂથ લેવલ અવેરનેશ ગ્રૂપ દ્વારા કવાયત



જૂનાગઢ, તા.૧૪


જૂનાગઢ જિલ્લાની પાંચ વિધાનસભા બેઠક ઉપર વિક્રમી મતદાન થાય તે માટે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર રચિત રાજના નેતૃત્વ અને માર્ગદર્શનમાં યોજનાબદ્ધ રીતે મતદાતા જાગૃતિ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. ૮૬-જૂનાગઢ વિધાનસભા બેઠક ઉપર આંગણવાડી કાર્યકર બહેનો મતદાતાઓના ડોર-ટુ-ડોર જઈ મતદાન કરવા માટે પ્રેરિત કરી રહ્યા છે.

જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર રચિત રાજ મહત્તમ મતદાન અને મતદાનનો નિર્ધારિત લક્ષ્યાંક હાંસલ કરવા માટે એક નિશ્ચિત વ્યુહરચના ઘડી કાઢી છે. તેની અમલવારીના ભાગ રૂપે ગ્રાસ રૂટ લેવલના કર્મચારીઓ ડોર-ટુ-ડોર જઈ મતદાતાઓ સાથે સંવાદ સાંધી, તેમને મતદાન માટે પ્રેરિત કરવાની સાથે મહત્તમ મતદાન માટે એક સકારાત્મક વાતાવરણ ઉભું કરી રહ્યાં છે.

આ સાથે મતદાતાઓને ચૂંટણી પ્રક્રિયા, તેમના સંબંધિત મતદાનમથક, મતદારો માટેની સુવિધાની જાણકારી આપવાની સાથે નૈતિક મતદાનની ઝુંબેશને વેગ આપી રહ્યા છે. ઉપરાંત ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન ગેરરિતિઓના દંડ વગેરેથી વાકેફ કરી રહ્યાં છે. આમ, આ માટે બૂથ લેવલ અવેરનેશ ગ્રૂપની ટીમ સતત ફીલ્ડમાં જઈ કામગીરી કરી છે.

# સોમનાથ મંદિરના પૂર્નઃ નિર્માણનો ઈતિહાસ







(મીનાક્ષી ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ પાટણ, તા.૧૪

ભારતના લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલ દેશ આઝાદ થયો અને પ્રથમ કાર્ય ૧૩ નવેમ્બર ૧૯૪૭ના દિવસે વિક્રમ સવંત ૨૦૦૪નો પ્રથમ દિવસ બેસતા વર્ષે તુરત જ સોમનાથ ગયા અને આ મંદિરની જીર્ણ દશા જોઈ તેમનું હૃદય દ્રવી ઉઠયું તેઓ સડસડાટ સોમનાથ મંદિર નજદીકના સાગર સ્થળે પહોંચ્યા અને હાથમાં સાગરનું જળ લઈ દ્રઢ પ્રતિજ્ઞા કરી કે સોમનાથ મંદિરનો જીર્ણોધ્ધાર કરાશે. તે સ્થળે ઉપસ્થિત સમુદાયનો સંબોધતા તેમણે જણાવ્યું કે, નૂતન વર્ષના આ શુભ દિવસે આપણે નિશ્ચય કર્યો છે કે, સોમનાથના મંદિરનું પૂર્નઃ નિર્માણ થવું જોઈએ. આ પરમ પવિત્ર કર્તવ્ય છે જેમાં સૌએ ભાગ લેવો જોઈએ. કનૈયાલાલ મુનશી કહે છે કે, ૧૯૨૨ના ડિસેમ્બરમાં હું આ ખંડીત ર્તિથની યાત્રાએ ગયો ત્યારે મે જોયું 'ખંડીત ભસ્મીભુત થયેલ અને પરાજીત એવું આ ર્તિથમાં ફરતા વહેલીસવારે જોયું સભા મંડપમાં તુટેલ ફરસ, ખંડીત સ્થંભો અને વેર વિખેર પથ્થરો જોઈ મારા વૃધ્ધે શરમ અનુભવી એ સભા મંડપ એક વેળા વેદગાનથી અને સૌર્યથી પ્રકિર્તીત થયો હતો ત્યાં મારા અપરિપીત પગલાનો અવાજ સાંભળી ગરોળીઓ પોતાના દરમાંથી બહાર ડોકાઈ પાછી સંતાઈ જતી હતી અને કોઈક અધિકારીનો ત્યાં બાંધેલો ઘોડો મારા આગામનને સાંભળી માથું ધુણાવતો હણહણી ઉઠયો. મારૂ મસ્તક શરમથી ઝુંકી ગયું. સરદારની દ્રઢ પ્રતિજ્ઞા,સંકલ્પ બાદ સોમનાથ મંદિરનું સૌના સાથથી નવનિર્માણ થયું અને આજેયપણ સરદાર વલ્લભભાઈ પટેલની સોમનાથ મંદિર પરિસરમાં પ્રતિમા ગોઠવાયેલી છે જે સોમનાથ મંદિર ભગવાન સન્મુખ છે. ક.મા. મુનશી કહે છે જો સરદાર પટેલ ન હોત તો આપણી આંખો સોમનાથનું પૂર્નઃ નિર્માણ જોવા પામી ન હતો.

# ગીર સોમનાથ અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા માનવ વસ્તી વગરના ટાપુઓ બાબતે જાહેરનામું પ્રસિદ્ધ

## ટાપુઓમાં સુરક્ષાને લગતા કોઈ પ્રશ્ન ઉપસ્થિત ન થાય તે માટે બહાર પાડવામાં આવ્યું જાહેરનામું

વેરાવળ, તા.૧૪

ગુજરાત સ્ટેટ લેવલ કોસ્ટલ સિક્યુરિટીની બેઠક અને ડિપાર્ટમેન્ટ લેવલ કોસ્ટલ સિક્યુરિટી કમિટીની બેઠકની કાર્યવાહી નોંધના મુદ્દા નં.૦૮માં માનવ વસ્તી વગરના ટાપુઓ પર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબનું જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે. જે અનુસાર અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ બી.વી.લિંબાસિયા દ્વારા જાહેરનામું બહાર પડાયું છે. જાહેરનામું બહાર પાડવા પોલીસ અધિક્ષક દ્વારા દરખાસ્ત થતાં આ જાહેરનામા અનુસાર ગીર સોમનાથ જિલ્લાના નવાબંદર મરીન પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાના-મોટા કુલ ૫ ટાપુઓ/રોક (ખડક) આવેલા છે. જે ટાપુઓ પર માનવ વસાહત અસ્તિત્વમાં ન હોય, આ ટાપુઓમાં સુરક્ષાને લગતા કોઈ પ્રશ્ન ઉપસ્થિત ન થાય તે માટે સીમર ભેંસલા આઈલેન્ડ, સીમર ભેંસલા રોક, સરખડી વિસ્તારમાં રોક, સૈયદરાજપરા રોક, માઢવાડ ભેંસલા રોકના ટાપુઓ/રોક(ખડક) ઉપર કોઈપણ પ્રકારની ગેરકાયદેસર પ્રવૃત્તિ કે ઘૂસણખોરી કે સુરક્ષાને લગતા પ્રશ્નો ઉભા થાય એવા કૃત્યો પર મનાઈ ફરમાવવામાં આવે છે. જિલ્લાની સુરક્ષાને ધ્યાનમાં લઈ આ જાહેરનામું તા.૨૧/૧૧/૨૦૨૨થી તા.૧૯-૦૧-૨૦૨૩ સુધી અમલમાં રહેશે તેમજ આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ કલમ-૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

# આઈસીસીમાં જય શાહને મળી મહત્વની જવાબદારી, બાર્કલે ચેરમેન તરીકે યથાવત

નવી દિલ્હી, તા.૧૪

ન્યૂઝીલેન્ડના ગ્રેગ બાર્કલેને સર્વસંમતિથી બીજા કાર્યકાળ માટે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સિલના ચેરમેન પસંદ કરવામાં આવ્યા છે. બોર્ડ બેઠકમાં બાર્કલે સિવાય બીસીસીઆઈ સચિવ જય શાહાને ICC ની શક્તિશાળી ફાઈનાન્સ એન્ડ કોમર્શિયલ અફેયર્સ કમિટીના પ્રમુખ બનાવવામાં આવ્યા છે. બાર્કલેનો કાર્યકાળ ૨ વર્ષનો હશે. ઝિમ્બાબ્વેના તાવેંગ્વા મુકુહલાનીએ નામ પરત લીધા બાદ બાર્કલેને બિનહરીફ ચૂંટવામાં આવ્યા હતા. આઈસીસી બોર્ડે બાર્કલેને પૂર્ણ સમર્થનની પુષ્ટિ કરીછે. જય શાહને આઈસીસીની સૌથી મહત્વપૂર્ણ સમિતિની અધ્યક્ષતાની જવાબદારી સોંપવામાં આવી છે. આ સમિતિ તમામ મોટા નાણાકીય નીતિગત નિર્ણયો કરે છે, ત્યારબાદ આઈસીસી બોર્ડ તેને મંજૂરી આપે છે. નાણા તથા વાણિજ્યિક મામલાની સમિતિના પ્રમુખ હંમેશા આઈસીસી બોર્ડસભ્ય હોય છેઅને જયશાહને પસંદ કરવા સ્પષ્ટ કરે છે કે તે આઈસીસી બોર્ડમાં BCCI નું પ્રતિનિધિત્વ કરશે.

ICC સૂત્રાએ ગોપનીયતાની શરત પર પીટીઆઈને કહ્યું- દરેક સભ્યએ જય શાહને ફાઈનાન્સ અને કોમર્શિયલ અફેયર્સ કમિટીના પ્રમુખ તરીકે સ્વીકાક કર્યા છે. ICC ચેરમેન સિવાય આ સમાન રૂપથી શક્તિશાળી ઉપ સમિતિ છે. આ સમિતિના કામમાં સભ્ય દેશો વચ્ચે આવકની વહેંચણી કરવી સામેલ છે. આઈસીસી સૂત્રએ કહ્યું, ભારત વૈશ્વિક ક્રિકેટનું વ્યાવસાયિક કેન્દ્ર છે અને ૭૦ ટકાથી વધુ સ્પોન્સર આ ક્ષેત્રથી આવે છે, તેથી તે જરૂરી છે કે આઈસીસીની નાણાકીય તથા વાણિજ્યિક મામલાની સમિતિની અધ્યક્ષતા હંમેશા બીસીસીઆઈ દ્વારા કરવી જોઈએ. ગ્રેગ બાર્કલેએ તેમની પુનઃનિયુક્તિ પર કહ્યું, "ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલના અધ્યક્ષ તરીકે ફરીથી ચૂંટાયા એ એક સન્માનની વાત છે અને હું મારા સાથી ICC નિર્દેશકોનો તેમના સમર્થન માટે આભાર માનું છું."



બાર્કલીને નવેમ્બર ૨૦૨૦ માં ICC અધ્યક્ષ બનાવવામાં આવ્યા હતા. તે અગાઉ ન્યૂઝીલેન્ડ ક્રિકેટના ચેરમેન અને ૨૦૧૫ ICC મેન્સ ક્રિકેટ વર્લ્ડ કપના ડિરેક્ટર હતા. તેઓ બિનહરીફ ચૂંટાયા હતા એટલે કે ૧૭ સભ્યોના બોર્ડમાં તેમને BCCIનું સમર્થન પણ હતું.

# પૂર્વ મુખ્યમંત્રી નિતીન પટેલની સ્પષ્ટ વાત 'હું અલગ માટીનો ખેલાડી, લડાવીને જતા રહેવાવાળો નથી'

મહેસાણા, તા.૧૪

પૂર્વ મુખ્યમંત્રી નીતિન પટેલ સ્પષ્ટ વક્તા તરીકે પોપ્યુલર છે. તેઓ જ્યારે પણ બોલે છે બિન્દાસ્ત બોલે છે. ત્યારે ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં માહોલ ગરમ છે, ત્યારે ગરમાગરમી વચ્ચે નીતિન પટેલના દિલનું દર્દ છલકાયું છે. મહેસાણામાં નીતિન પટેલે દિલ ખોલીને નિવેદન આપ્યું છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભાજપના અનેક મોટા નેતાઓએ સામેથી ચૂંટણી નહિ લડવાનો નિર્ણય લીધો છે. તેઓએ ભાજપના ઉપરી નેતાઓને પત્ર લખીને ચૂંટણી નહિ લડવાનો મત વ્યક્ત કર્યો હતો. જેથી તેમના બદલે અન્ય ઉમેદવારોને ટિકિટ અપાઈ છે. જોકે, આ તમામ નેતાઓએ ચૂંટણીપ્રચારમાં સાથ આપવાનો નિર્ણય લીધો છે. આ જૂના જોગીઓમાં નીતિન પટેલ પણ સામેલ છે. મહેસાણા ખાતે ભાજપના ઉમેદવાર મુકેશ પટેલના ચૂંટણી પ્રચારમા નીતિન પટેલ જોડાયા હતા. આ સમયે તેમણે કહ્યું કે, હું અલગ માટીનો ખેલાડી, લડાવીને જતા રહેવાવાળો નથી. નીતિન પટેલે કહ્યું કે, હું મહેસાણા છોડવાનો નથી. ચૂંટણી લડાઈ જતો રહેવાવાળો આ ખેલાડી નથી. એવા રાજકારણીઓ બધા જુદા હોય. તમને બધાને જાણીને નવાઈ લાગશે. હું પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડનો હું મેમ્બર છું. અમે ૧૮૨ ઉમેદવારોના નામોનું મનોમંથન કર્યું છે. ત્યાર બાદ કેન્દ્રીય પાર્લામેન્ટરી બોર્ડમાં નામ મોકલ્યા હતા. આપણાં બધામાંથી ૯૦ ટકા લોકોએ મને ટિકિટ આપવાનો અભિપ્રાય આપ્યો હતો. મારું નામ જાહેર



થાય તે પહેલાં મેં નિર્ણય લઈ લીધો હતો. મેં સામે ચાલીને હું ચૂંટણી નહિ લડુ એવો પહેલો પત્ર લખ્યો હતો. પછી તો સિનિયર મિત્રોની ચૂંટણી નહિ લડવાની લાઈન લાગી. ત્યારબાદ વિજય રૂપાણી અને બીજા મિત્રોએ ચૂંટણી નહિ લડવાનો નિર્ણય કર્યો.

# પાણીમાં થતાં ઔષધીય છોડ શિંગોડાના જાણો અદભુત ફાયદા

ભારતમાં લગભગ તમામ ભાગોમાં શિયાળામાં શિંગોડા (વોટર ચેસ્ટનટ) ખૂબ જ લોકપ્રિય ખાદ્યપદાર્થ છે. કુરકુરા અને રસીલા શિંગોડા ભારતીય સુપરફૂડ કહેવાય છે તેનાથી અનેક પ્રકારના આરોગ્ય વિષયક ફાયદા મળે છે. તમે પણ શિયાળામાં રસ્તા ઉપરથી પસાર થતી વખતે લારીઓમાં કાળા અથવા લીલા રંગના શિંગોડા વેચાતા જોયા હશે. શિંગોડાને શેકીને, કાચા અથવા ઉકાળીને ખાઈ શકાય છે. તેમજ શિંગોડાનો લોટ પણ ફરાળી આઈટમ તરીકે વપરાય છે. પરંતુ શું તમને ખબર છે કે આ શિંગોડાને શા માટે ભારતીય સુપરફૂડ કહેવા છે. કેમ કે, તેમાં રહેલા તત્વો બોડીને ભરપુર માત્રામાં ન્યુટ્રિશન પૂરૂ પાડે છે. તો ચાલો જોઈએ કે કેવા ફાયદ મળે છે શિંગોડાના પ્રયોગથી.

● શિંગોડામાં ચરબી અને સોડિયમ ખૂબ ઓછું હોય છે અને પોટેશિયમ, મેગ્નેશિયમ, બી કોમ્પ્લેક્સ અને ફાઈબર જેવા પોષકતત્વો વધુ હોય છે. જેના કારણે શરિરમાં હોર્મોન્સનું બેલેન્સ જાળવવામાં ખૂબ મદદરુપ થાય છે. પોટેશિયમમાં શિંગોડાની વધારે માત્રાથી હાઈ બ્લડ પ્રેશર ઓછું થાય છે. તેમજ હાર્ટબીટને પણ સામાન્ય રાખવામાં મદદ કરે છે. આ સાથે શિંગોડા હાર્ટ એરેથીમિઆ અને હાર્ટ એટેકની શક્યતાને ઓછી કરે છે.

● સ્વાસ્થ્યની દષ્ટિએ શિંગોડા એક અદભુત ખાદ્ય વિકલ્પ છે. આયુર્વેદિક અને યુનાની પ્રણાલીમાં તેનો વ્યાપક ઉપયોગ થાય છે. પેટ, યકૃત, કિડની અને બરોળની બિમારીઓની સારવાર માટે તે ઘણું અસરકારક પુરવાર થાય છે. તે મૂત્રવર્ધક છે, એન્ટિસેપ્ટિક છે. તે એક શીતળ ખોરાક છે, જે ઉનાળાની ગરમીનો સામનો કરવા માટે આદર્શ છે. ઉબકાથી રાહત આપે છે અને ભૂખમાં સુધારો કરી શકે છે.

● પિત અતિસાર અને મરડોને નિયંત્રણમાં લેવા માટે વપરાય છે.

● શિંગોડાનું ચૂર્ણ ખાંસીથી રાહત અપાવે છે.

● શિંગોડાનો પાઉડર લીંબુના રસ સાથે મિક્ષ કરી નિયમિત લગાવવામાં આવે તો ખરજવાની સારવારમાં તે અસરકારક પુરવાર થાય છે.

● શિંગોડાની વિશેષાઓ એ છે કે તેમાં ગલ્યુટેને નથી, ચરબી ઓછી છે, કોલેસ્ટરોલ નથી, સોડિયમ ઓછું છે, પોટેશિયમ વધારે છે.

● કેલ્શિયમ, આયર્ન, જસત અને ફોસ્ફરસ સહિતના ખનિજોની તેમાં ઘણી ઊંચી માત્ર છે. તેમાં સારા એવા પ્રમાણમાં રેસા પણ છે.આમ ઊર્જા માટેનો તે એક સારો સ્ત્રોત છે, સારો વિકલ્પ છે.

● જો કોઈને કમળો થયો હોય તો એણે શિંગોડા ખાવા જોઈએ. તેમાં રહેલું પાણી કમળાને મટાડવામાં મદદ કરે છે. રોજે શિંગાડા ખાવાથી શરીરને ઘણાં પોષકતત્વો મળે છે અને ખાનાર સ્થૂળ પણ નથી થતાં. આમાં કેલરીનું પ્રમાણ બહુ જ ઓછું હોવાથી ખાનારનું વજન અંકુશમાં રહે છે.

● સગર્ભા સ્ત્રી શિંગાડો ખાય તો એને ગર્ભપાતનું જોખમ ઘટી જાય છે અને બાળક પણ તંદુરસ્ત જન્મે છે.

● લોહી કે મૂત્ર સંબંધી બીમારીઓને દૂર કરવામાં પણ શિંગોડા મદદ કરે છે. એ જ રીતે કોઈને લૂઝ મોશન થયા હોય તો શિંગોડા ખાવાથી રાહત મળે છે.

● શિંગોડાના સેવનથી વાળનું સફેદ થવું, વાળ ખરવા અને ગ્રોથ ઓછો થવો જેવી સમસ્યાનું સમાધાન આવે છે. એન્ટિઓક્સિડેન્ટ અને વિટામિન ઈથી ભરપૂર હોય છે. જે ફ્રી રેડિકલ્સથી શરીરના કોષોની રક્ષા કરવામાં ખૂબ મદદ કરે છે. જેનાથી તમારી ત્વચા વધુ નરમ-મુલાયમ બનશે.

● શિંગોડામાં રહેલું વિટામિન બી ન્યૂરોટ્રન્સમીટરનું ઉત્પાદન કરે છે અને તમારો મૂડ સારો બનાવે છે. જેના કારણે તમને સારી ઉંઘ



આવે છે. જો વધુ વજનથી પરેશાન હોવ તો શિંગોડા તમારા માટે પરફેક્ટ ફૂડ છે. તેનાથી વેઈટ લોસ થાય છે. તો ડાયાબિટીઝના દર્દીઓ માટે પણ શિંગોડા એક ઉત્તમ નાસ્તો છે. શિંગોડાથી કોલેસ્ટ્રોલની માત્રા ખૂબ ઓછી થાય છે.તો અનેક આરોગ્ય વિષયક સમસ્યાનું મૂળ કારણ એવા શરીરના વિવિધ ભાગોમાં આવેલ સોજાને પણ ઓછો કરવામાં શિંગોડા મદદરુપ છે. આ સાથે જ શિંગોડા ગ્લૂટેનફ્રી હોવાથી ગ્લૂટેન સેન્સેટિવ અથવા સેલિએક રોગીઓ માટે ફાયદાકારક છે.

જો કોઈને કમળો થયો હોય તો એણે શિંગોડા ખાવા જોઈએ. તેમાં રહેલું પાણી કમળાને મટાડવામાં મદદ કરે છે. રોજે શિંગાડા ખાવાથી શરીરને ઘણાં પોષકતત્વો મળે છે અને ખાનાર સ્થૂળ પણ નથી થતાં. આમાં કેલરીનું પ્રમાણ બહુ જ ઓછું હોવાથી ખાનારનું વજન અંકુશમાં રહે છે.

● સગર્ભા સ્ત્રી શિંગાડો ખાય તો એને ગર્ભપાતનું જોખમ ઘટી જાય છે અને બાળક પણ તંદુરસ્ત જન્મે છે.

●લોહી કે મૂત્ર સંબંધી બીમારીઓને દૂર કરવામાં પણ શિંગોડા મદદ કરે છે. એજ રીતે લૂઝ મોશન થયા હોય તો શિંગોડા ખાવાથી રાહત મળે છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

તંત્રી લેખ

# શિક્ષણને કારોબાર બનાવવા સામે સુપ્રિમ કોર્ટની ચેતવણી

લોકકલ્યાણકારી શાસનની જવાબદારીથી ભાગતી સરકારો અને શિક્ષણ સંસ્થાઓને વેપારનાં કેન્દ્ર બનાવી દેવાની સુપ્રીમ કોર્ટે એક ચુકાદામાં વ્યકત કરી છે, તેનું પાલન થવું જ જોઈએ. સરકારોની જવાબદારી બને છે કે પ્રતિભાઓ ક્યાંક ભારે ફીને કારણે વેડફાઈ ન જાય. મુશ્કેલી એ છે કે શિક્ષણના ક્ષેત્રમાં રાજનેતાઓની વધતી દખલથી આ રોગ નિરંતર વધતો જાય છે. દુર્ભાગ્યપૂર્ણ સ્થિતિ એ છે કે કારોબારનો આ રોગ હવે મેડિકલ શિક્ષણના એ ક્ષેત્રમાં પણ ફેલાવા લાગ્યો છે જ્યાં ધરતી ઉપર બીજા ભગવાન કહેવાતા ડોકટરો તૈયાર થાય છે. જયારે આ પ્રતિભાવાન બાળકો પરસેવાની કમાણીથી ભણશે તો શું સમાજમાં સસ્તી ચિકિત્સા ગરીબોને મળી શકશે? કે પછી તેઓ મોંઘું શિક્ષણ પૂરું કર્યા બાદ ખર્ચ કરેલા રૂપિયા વસૂલવામાં લાગી જશે?

સંકટ એ પણ છે કે ભારે પૈસા ખર્ચ કરી શકનારા અયોગ્ય લોકો ડિગ્રી મેળવી શકશે અને પૈસા ભેગા નહીં કરી શકનાર યોગ્ય પ્રતિભાઓ ડોકટર નહીં બની શકે. સુપ્રીમ કોર્ટની આ ટિપ્પણી આંધ્ર પ્રદેશની મેડિકલ કોલેજોમાં ટ્યુશન ફી સાત ગણી વધારીને ૨૪ લાખ વાર્ષિક કરવાના નિર્ણય ઉપર પ્રતિબંધ મૂકવાના આંધ્ર પ્રદેશ હાઈકોર્ટના ચુકાદાને યથાવત રાખ્યા બાદ કરવામાં આવી. કોર્ટે આ વધારાને અયોગ્ય અને ફી નક્કી કરનારા નિયમોનું ઉલ્લંઘન ગણાવ્યું. એ દુર્ભાગ્યપૂર્ણ છે કે દેશમાં યોગ્ય મંજૂરી વગર કેટલાંય એવાં બુનિયાદી માળખાં ઊભાં કરવામાં આવ્યાં છે, જે ખુલ્લેઆમ નફાખોરીના હેતુથી વ્યવસાય કરી રહ્યાં છે. આ સંસ્થાઓ પેઈડ સીટ અને કેપિટેશન ફી લઈને ફૂલીફાલી રહી છે. જેમાં યોગ્યતાની કોઈ પૂછપરછ નથી. તેનાથી મધ્યમવર્ગીય પરિવારોના મેધાવી બાળકોનું કઠિન તૈયારી છતાં પણ ડોકટરીનું ભણતર પૂરું કરી શકવું અસંભવ થતું જાય છે. નીતિ-નિયંતાઓનું દેવાળિયાપણું જુઓ કે દેશમાં યોગ્ય ડોકટરોની ભારે અછત છતાં પ્રતિભાઓને આગળ વધતી રોકવામાં આવે છે.

એ દુ:ખદ છે કે આ શિક્ષણ સંસ્થાઓના સંચાલકોની મનમાની રોકવામાં કેન્દ્રીય નિયામક સંસ્થાઓ શિથિલ દેખાઈ રહી છે. જેને કારણે ચિકિત્સા શિક્ષણના માળખામાં જરૂરી સુધાર નથી થઈ શકતો. જયારે દેશમાં પારદર્શી, ગુણાત્મક અને જવાબદાર વ્યવસ્થા સ્થાપિત કરવાની જરૂર છે. નિ:સંદેહ કોર્ટ દ્વારા અરજીકર્તા અને આંધ્ર સરકાર ઉપર પાંચ લાખનો દંડ સમયની જરૂરિયાત છે, કારણ કે દેશમાં વિશેષજ્ઞતા ધરાવતું શિક્ષણ બહુ મોંઘું થઈ ગયું છે. જેને કારણે સસ્તા અને ઉમદા શિક્ષણ માટે ભારતીય પ્રતિભાનું વિદેશોમાં પલાયન થઈ રહ્યું છે. હાલમાં યુક્રેનથી પાછા ફરેલા મેડિકલ વિદ્યાર્થીઓની દુર્દશા જગજાહેર છે.

બીજી તરફ હરિયાણામાં બોન્ડ પોલિસી વિરૂધ્ધ મેડિકલના વિદ્યાર્થીઓ આંદોલન કરી રહ્યા છે. પીજીઆઈ રોહતકમાં એમબીબીએસના વિદ્યાર્થીઓ માટે સરકારે લગભગ દસ લાખ રૂપિયાના બોન્ડ ભરવાની શરત મૂકી છે, જેના વિરુદ્ધ છાત્ર-છાત્રાઓ સડકો પર ઉતરીને વિરોધ કરી રહ્યા છે. વિચારી શકાય કે આ સ્થિતિમાં ઈમાનદારીથી નોકરી કરી રહેલ વ્યક્તિ ક્યારેય પોતાના બાળકોને ડોકટર કેવી રીતે બનાવી શકશે? આ ખર્ચ વાલીઓની કમર તોડનારો છે. મોંઘવારીના આ દોરમાં કોઈ કઈ રીતે આટલા પૈસા પોતાના એક બાળક પર ખર્ચ કરી શકે? નિ:સંદેહ આ સત્તાધીશોની સંવેદનહીનતાની પરાકાષ્ઠા જ છે. ઘણું સંભવ છે કે આ રકમ જમા નહિ કરાવી શકનાર કેટલીય પ્રતિભાઓ આગળ વધવાથી વંચિત રહી જશે. પાસેના ઉત્તર પ્રદેશ અને એઈમ્સમાં આ ફી માત્ર હજારોમાં છે. આવામાં પ્રતિભાઓનું પલાયન સ્વાભાવિક છે. કઠિન પરિશ્રમથી મેડિકલ પ્રવેશ પરીક્ષા પાસ કરનાર છાત્રોની સાથે આ અન્યાય જ છે. નિશ્ચિત રૂપે આ સમાજનું નુક્સાન પણ છે, કારણ કે તેમણે યોગ્ય ચિકિત્સકને બદલે ભારે રકમ આપીને ભણનારા ડોકટર જ મળશે. નિ:સંદેહ આટલા પૈસા આપીને શિક્ષણ લેનાર છાત્રોના મગજમાં ડોકટર બન્યા બાદ પણ દેવાનું દુ:ખ ચાલુ જ રહેશે.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

અધિક ધનથી માણસમાં આળસ વધે છે...

- ઋગ્વેદ

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૪, પા.તીર-૧૩૯૨, મુ. રબી-ઉલ્લ-આખર-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૭૯, કારતક વદ-૬ બ્રહ્મલિન પ.પૂ. ડોંગરેજી મહારાજની પુણ્યતિથિ, નહેરૂ જયંતિ, બાલદિન તા.૧૪ નવેમ્બર ૨૦૨૨, સોમવાર, પારસી તા.૧, મુસ્લિમ તા.૧૯, પુનર્વસુ નક્ષત્ર, શુભ યોગ, ગર કરણ, સૂ.ઉ.૭:૦૫, સૂ.અ.૬:૦૫

આજનો દિવસ શુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી કર્ક (ડ હ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

# ધોરણ-૧૦ પાસ શખ્સ કેવી રીતે ઉદ્યોગપતિથી લઈને રાજકોટના ઉમેદવાર સુધીની યાત્રા

રાજકોટ, તા.૧૪

રાજકોટના ચારેય ઉમેદવારો ઉદય કાનગડ પૂર્વથી, ડો. દર્શિતા શાહ રાજકોટ પશ્ચિમથી, રમેશ ટીલાળાએ દક્ષિણથી અને ભાનુ બાબરીયા ગ્રામ્યથી ફોર્મ ભર્યુ હતું. ત્યારે રાજકોટમાં ભાજપના સૌથી ધનિક ઉમેદવાર રમેશ ટીલાળા હોવાનું સામે આવ્યું છે. રમેશ ટીલાળાએ સોગંદનામામાં પોતાની કરોડો રૂપિયાની સંપત્તિ દર્શાવી છે. સ્થાવર અને જંગમ મિલકત મળીને ૨૬ કરોડ ૮૦ લાખની મિલકત બતાવી છે. ત્યારે ધોરણ-૧૦ પાસ શખ્સે કેવી રીતે ઉદ્યોગપતિથી લઈને રાજકોટ દક્ષિણ બેઠક સુધીની સફર કાપી તે રસપ્રદ છે. તેઓ ખોડલધામના ટ્રસ્ટી છે, જેથી નરેશ પટેલે તેમને ટિકિટ અપાવવા માટે લોબિંગ કર્યુ હતું.

રમેશભાઈ ટીલાળાનો જન્મ રાજકોટ જિલ્લાના શાપર ગામ ખાતે ૧૫ જાન્યુઆરી ૧૯૬૪ના રોજ થયો હતો. રમેશભાઈ પોતાના દિવસની શરૂઆત સવારના ૫.૩૦ વાગ્યાથી કરે છે. સવારના સમયે ૫.૩૦ વાગ્યે જાગી અને યોગ પ્રાણાયમ કરી બાદમાં પૂજા અર્ચના બાદ તેઓ પોતાના ઓફિસ કામની શરૂઆત કરે છે. આ સાથે તેઓ અઠવાડીયામાં એક વખત પોતાના કુળદેવી અને લેઉવા પટેલ સમાજના આસ્થા સમાન ખોડિયાર માતાજીના દર્શન કરવા કાગવડ અચૂક જાય છે. હાલમાં તેઓ રાજકોટ શહેરમાં છેલ્લા ઘણા વર્ષોથી પરિવાર સાથે સ્થાયી થયા છે. તેમના પરિવારમાં એક પુત્ર અને પુત્રી છે, જે પૈકી પુત્રીના લગ્ન થઈ ચૂક્યા છે જ્યારે પુત્રના લગ્ન બાકી છે.

૧૦ ધોરણ પાસ રમેશભાઈ ટીલાળાની વાત કરીએ તો તેઓ પ્રથમ ખેતરમાં ખેતી કરતા હતા અને ખેતી કરતા કરતા તેઓને ઉદ્યોગ સ્થાપવા વિચાર આવ્યો હતો. આ વિચારની શરૂઆત તેમને ટેકસટાઈલના ઉદ્યોગથી કરી હતી. ટેકસટાઈલ ઉદ્યોગમાં સફળતા મળ્યા બાદ તેઓ એક બાદ એક નવા ઉદ્યોગની સ્થાપના કરતા ગયા અને આજે તેઓ રાજકોટ અને આણંદમાં મળી કુલ ૭ ઈન્ડસ્ટ્રી ધરાવે છે. ટેક્સટાઈલ, ફૂડ, કાસ્ટિંગ, પ્લાસ્ટિક, ફોરજિંગ સહિત ૭ ઈન્ડસ્ટ્રી મળી કુલ ૧૫૦૦ જેટલા કર્મચારીઓને રમેશભાઈ રોજી રોટી પુરી પાડે છે. રમેશભાઈનું માનવું છે કે, સાહસ કર્યા વગર સફળતા નથી મળતી. માટે તેઓ દરેક ક્ષેત્રમાં સાહસ કરી રહ્યા છે અને સફળતા મેળવી રહ્યા છે. રમેશભાઈનું સ્વપ્ન હતું કે, તેઓન એરોસ્પેસ અને ડિફેન્સમાં કામ કરવું છે. જેમાં પણ તેમને સફળતા મળી છે. તેઓ આજે એરબસ અને બોઈંગમાં એરોનેટિક પાટર્સ સપ્લાય કરી રહ્યા છે. અને હવે આગળ તેઓ ફાર્માસ્ટ્રીકલ કંપની બનાવવા વિચાર કરી રહ્યા છે. રમેશભાઈ ઉદ્યોગપતિની સાથે સાથે સારા બિલ્ડર પણ છે અને સામાજિક ક્ષેત્રે સારું નામના ધરાવે છે. રાજકોટના ટોપ ૫ બિલ્ડર પૈકી એક નામ રમેશભાઈ ટીલાળાનું છે અને સાથે લેઉવા પાટીદાર સમાજની સૌથી મોટી સંસ્થા ખોડલધામ, કાઠિયાવાળ બાલાશ્રમ, એ.પી.પટેલ કન્યા છાત્રાલય અને રાજકોટ લેઉવા પટેલ સમાજના તેઓ ટ્રસ્ટી છે.

રાજકોટ દક્ષિણ બેઠકના ઉમેદવાર રમેશ ટીલાળાએ આજે નામાંકન ભર્યું. ત્યારે આ સમયે કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયા, ધારાસભ્ય ગોવિંદ પટેલ પણ હાજર રહ્યા હતા. રમેશ ટીલાળા ખોડલધામ ટ્રસ્ટના ટ્રસ્ટી છે. તેઓ તાજેતરમાં ખોડલધામ ચેરમેન નરેશ પટેલની સાથે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને મળ્યા હતા.



પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને મળ્યા ત્યારે ખોડલધામમાં દર્શન કરવાનું આમંત્રણ આપ્યું હતું. ત્યારે તેમના માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ચૂંટણી પ્રચાર દરમ્યાન ખોડલધામ આવે તેવી શક્યતા છે. રમેશ ટીલાળાને ટિકિટ અપાવવા માટે ખોડલધામ ચેરમેન નરેશ પટેલે લોબિંગ કર્યુ હતું.

# મીઠાની સિઝન થશે એક મહિનો મોડી, ૬૦ કારખાના બંધ

## નર્મદાની લાઈન લીકેજ થતા કચ્છના નાના રણમાં ૧૨૫ એકરમાં પાણી-પાણી : રસ્તાઓ બંધ થતાં મટિરિયલ્સ સહિતની સામગ્રી પહોંચાડવી મુશ્કેલ

કચ્છ, તા.૧૪

કચ્છના નાના રણમાં નર્મદા વિભાગની બેદરકારીએ કેનાલનું પાણી ૧૦ કિમી દૂર સાંતલપુર રણમાં ફરી વળતા મીઠાના ૧૨૫ એકર વિસ્તારમાં ૬૦ કારખાને નુકસાન પહોંચ્યું છે. કેનાલના ગેટમાં લીકેજ હોવાના કારણે ૧૦ દિવસથી પાણીનો પ્રવાહ સતત વહેતો રહેતા લાખો લિટર પાણીનો વેડફાટ થયો છે. ભારતમાં દર વર્ષે પાકતા ૧૩૫ લાખ મેટ્રિક ટન પૈકી ગુજરાતમાં ૯૭.૨૦ લાખ મેટ્રિક ટન ઉત્પાદન થયા છે. જેમાં સાંતલપુર કચ્છના નાના રણમાં ગત વર્ષે ૧૩ લાખ મેટ્રિક ટન મીઠું પાક્યું હતું. જો કે, આ વર્ષે પાણીના લીધે સિઝન લેટ શરૂ થશે. સાંતલપુર પાસેથી નર્મદા કેનાલમાંથી વેડફાતુ પાણી કચ્છના નાના રણના નિચલા ભાગમાં ફરી વળતા ૧૫૦ એકર વિસ્તારમાં મીઠાના કારખાનાની સિઝન એક મહિના મોડી શરૂ થશે. આ ઉપરાંત રણમાં અવર-જવરના રસ્તા પણ બંધ થઈ જતાં અગરીયાઓને જરૂરી ખાવા-પીવાની વસ્તુઓ માટે વલખાં મારવા પડી રહ્યા છે. આ અંગે મિઠુ પકવતા અગરીયા



જાનાભાઈએ જણાવ્યું હતું કે, રણમાં મિઠુ પકવવામાં દંતાર અને સંગેતરા લાવવાના હતા તે કંઈ આવશે નહિ એક મહિનાથી અમે કામ કરી રહ્યા છીએ તેબધુ અમારી મહેનતનુ અને ખર્ચનું નુકશાન જ છે અમે રજુઆત કરી પણ કોઈ સાંભળતું નથી. ઉલ્લેખનીય છે કે, રણમા મીઠુ પકવતા અગરીયાઓ સિઝન પહેલાથી જ માટી કામ સહિત પાળાઓની કામગીરી કરી લેતા હોય છે. ત્યાં નર્મદા વિભાગના અધિકારીઓની બેદરકારીને કારણે તેમની મહેતન પર પાણી ફરી વળ્યું છે. આ અંગે નર્મદા વિભાગના ઈજનેર એન.આર.પરમારને તો કેનાલના દરવાજામાંથી પાણી લિકેજ થાય છે તેની માહિતી જ નથી. તેમણે જો પાણીનો વેડફાટ થતો હશે તો બંધ કરાવી દઈએ છીએ તેમ કહ્યું હતું. ત્યારે લાખો લિટર પાણી ૧૦થી વેડફાઈ રહ્યું તો શું નિગમના અધિકારીને જાણ નહીં હોય તેવા સવાલ ઉભા થાય છે. રણમાં વરસાદનું પાણી ઓસરતા અમોએ કારખાનાની કામગીરી કરી હતી. હવે કેનાલનુ પાણી ફરી વળતા અવરજવરના રસ્તા બંધ થઈ ગયો છે. પૈસા આપી ક્યારા બંધાવ્યા હતા જે પાણીના લીધે નષ્ટ થયા છે. ત્રણ મહિના સુધી અગરમાં ટ્રેકટર પણ આવી શકેતેમ નથી એક મહિના સુધી મજુરી કામ પણ થઈ શકે તેવી સ્થિતી નથી. હાલતમાં ખાદ્ય સામગ્રી પણ લાવી શકાય તેવી પરિસ્થિતી નથી. આના લીધે કાળઝાળ ગરમીમાં ૫૧ ડીગ્રી તાપમાને મહેનત કરીને મજૂરી કરતાં અગરિયાઓમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે.

# ભારતની તમામ નદીઓ પશ્ચિમથી પૂર્વ તરફ વહે છે પરંતુ નર્મદા ઉલ્ટી દિશામાં વહેતી હોવાનું કારણ શું ?

દિલ્હી, તા.૧૪

ભારતભરમાં આવેલી હજારો નદીઓ લગભગ એક દિશામાં વહે છે. જે પૈકી કેટલીક નદીઓ ખૂબ પવિત્ર ગણવામાં આવે છે. ગંગા નદીને દેશની સૌથી પવિત્ર નદી માનવામાં આવે છે. આથી ગંગા સ્નાનનું મહત્વ છે. કહેવાય છે કે ગંગામાં સ્નાન કરનાર મનુષ્યના તમામ પાપ નષ્ટ થાય છે. તે પ્રકારે યમુના નદીમાં પણ સ્નાન કરવાને શુભ માનવામાં આવે છે. પરંતુ આપણા દેશની એક મોટી નદી અવળી દિશામાં વહે છે. !

દેશની મોટાભાગની નદીઓ પશ્ચિમથી પૂર્વ તરફે વહે છે પરંતુ નર્મદા નદી પૂર્વથી પશ્ચિમ તરફ વહે છે. આ નદીને રેવા તરીકે પણ ઓળખવામાં આવે છે. ભારતની સૌથી મોટી નદી ગંગા સાથે અન્ય નદીઓની દિશા પશ્ચિમથી પૂર્વ તરફ છે, જે બંગાળની ખાડીમાં પહોંચે છે. પરંતુ નર્મદા એકમાત્ર એવી નદી છે જે અરબ સાગરમાં ભળે છે. નર્મદા મધ્યપ્રદેશ અને ગુજરાતની જીવનદાયિની નદી છે. નર્મદા નદીનું ઉદ્દગમસ્થાન મૈખલ પર્વતના અમરકંટક શિખરે છે. નર્મદા નદી ઉલ્ટી દિશામાં વહેવાનું ભૌગોલિક કારણ રિફ્ટ વૈલીમાં હોવાનું છે. રિફ્ટ વૈલીનો ઢાળ વિપરીત દિશામાં હોવાથી નદીનું વહેણ પૂર્વથી પશ્ચિમ દિશા તરફ છે. નર્મદા દેશની પાંચમી સૌથી લાંબી નદી છે. જે મધ્યપ્રદેશ રાજયની સૌથી મોટી નદી પણ છે. આ નદીનું બન્ને રાજયમાં મોટું યોગદાન હોવાથી તેને મધ્યપ્રદેશ અને ગુજરાતની જીવનરેખાના રૂપે ઓળખવામાં આવે છે. નર્મદા નદી મધ્યપ્રદેશના અનુપપુર જિલ્લામાં અમરકંટક પઠારથી નીકળે છે. જે ઉત્તર ભારત અને દક્ષિણ ભારતની વચ્ચે પારંપારિક સીમા બનાવે છે. ગુજરાતમાં ભરૂચ શહેરની પશ્ચિમમાં ૩૦ કિ.મી. પશ્ચિમમાં ખંભાતની ખાડી થઈને અરબ સાગરમાં ભળતા પહેલા ૧૩૧૨ કિ.મી.ની લંબાઈમાં પશ્ચિમની તરફ વહે છે. જો કે નર્મદા ઉપરાંત તાપ્તી નદી પણ પૂર્વથી પશ્ચિમ તરફ વહે છે.

## સાપ્તાહિક રાશી ભવિષ્ય

**તા.૧૪-૧૧-૨૦૨૨ થી ૨૦-૧૧-૨૦૨૨ સુધીનું આપનું સાપ્તાહિક રાશિ ભવિષ્ય**

| મેષ : અ.લ.ઈ. સ્વામિ - મંગળ | વૃષભ : બ.વ.ઉ. સ્વામિ - શુક્ર | મિથુન : ક.છ.ઘ. સ્વામિ - બુધ | કર્ક : ડ.હ. સ્વામિ - ચંદ્ર | સિંહ : મ.ટ. સ્વામિ - સૂર્ય | કન્યા : પ.ઠ.ણ. સ્વામિ - બુધ |
|---|---|---|---|---|---|
| સપ્તાહ દરમ્યાન કાર્યબોજ વિશેષ રહે. જોખમી અને સાહસભર્યા કાર્યોમાં સાવધાની રાખવી. માનસિક ત્રાસ અનુભવાય. અગત્યના કાર્યમાં વિધ્ન આવે. માનસિક સંયમ કેળવવા તેમજ લાગણીઉપર કાબુરાખવોહિતાવહ. નાણાંકીયદ્રષ્ટિએસાનુકૂળ સમય છે. હાથ ધરેલી કામગીરીમાં ઝડપથી સફળતા પ્રાપ્ત થાય. વિદ્યા-અભ્યાસને લગતા કાર્યમાં પણ સફળતા પ્રાપ્ત મળે. વ્યર્થ ક્રોધ ન થાય તેની તકેદારી રાખવી, નહિંતર અગત્યના સંબંધો તુટી જાય. | આ સપ્તાહ દરમ્યાન સ્થાન પરિવર્તનના યોગ છે. કૌટુંબિક મિલ્કતના પ્રશ્નોનો ઉકેલ આવે. અલબત્ત આરોગ્યની કાળજી રાખવી હિતાવહ છે. વ્યવહારિક બાબતોમાં જાગૃતિ કેળવવી જરૂરી છે. તેમજ અચાનક વ્યર્થ ખર્ચના ભોગ ન બની જવાય તે માટે સાવચેતી રાખવી. કોર્ટ-કચેરીને લગતા કાર્યમાં વિલંબ બાદ સફળતા પ્રાપ્ત કરી શકશો. તબિયત જાળવવી નહિંતર તકલીફમાં પડી જવાય. | આ સપ્તાહ દરમ્યાન કોઈપણ નાની-મોટી ચિંતા કે જવાબદારી હશે તો તેમાંથી મૂકિત મેળવી શકશો. મનની બેચેની દૂર થાય. ભાગીદારી વર્ગ સાથે મતભેદ હોય તો તે દૂર કરી શકશો. આ ઉપરાંત નાણાંકીય બાબતો માટે આ સપ્તાહ મિશ્રફળદાયી ગણાવી શકાય. રોકાયેલા નાણાં પરત લેવા જતા પૂરે પૂરી સફળતા ન મળે. નોકરીયાત વર્ગને આ સપ્તાહ પ્રગતિકારક અને આશાકારક નીવડે, સ્વાસ્થય સારૂ રહે. | આ સપ્તાહ દરમ્યાન જૂના મતભેદો નિવારી શકશો. અલબત કાર્યબોજમાં વધારો થાય પરંતુ તેનું પૂરે પૂરૂ વળતર પણ પ્રાપ્ત કરી શકશો. અગત્યના કામકાજોમાં સફળતા મળે. સંતાનો સાથે મતભેદની શક્યતા નકારી શકાતી નથી. તબિયત સંભાળવી હિતાવહ. કંઈક નવું આયોજન વિચાર્યુ હોય તો તે પણ સફળતાપૂર્વક પાર પાડી શકશો. જામીનગીરી જેવા કાર્યોથી દૂર રહેવું. | આ સપ્તાહ દરમ્યાન નવિન જવાબદારી અચાનક જ આવી પડે. આર્થિકબાબતનેલગાત કાર્યપૂર્ણથાય. નવી આવકના યોગ છે. સમાજિક બાબતે કાર્યોમાં ગુંચવણ જોવા મળે. સ્વમાન ભંગ ન થાય તે માટે સાવધ રહેવુંજરૂરી બને. પ્રવાસ-યાત્રાટાળવો હિતાવહ. જોકે, આનંદ-પ્રમોદમાંવિશેષ પ્રવૃત રહેવાય અને નવિન ખરીદીઓ પણ થાય. નવા સંબંધો વિકસાવવામાં સાવધાની રાખવી જરૂરી બને. તબિયત સંભાળવી નહિંતર વાતાવરણનેકારણેતકલીફ ઊભીથાય. | આ સપ્તાહ દરમ્યાન જૂના મિત્રો, સગા-સંબંધીઓની મુલાકાત થાય. જે લાભદાયી રહે. વ્યર્થ ચિંતાને કારણે અકારણ ગુસ્સો રહ્યા કરે. જીવનસાથી કે સંતાનના આરોગ્ય અંગે સંભાળ રાખવી જરૂરી બને. આર્થિક સમસ્યા દૂર થાય. અણધાર્યો ધન લાભ થાય. અટકી પડેલા કાર્યો આ સપ્તાહમાં પૂર્ણ કરી શકશો. વાદ-વિવાદમાં ન ઉતરતા વાણી સંયમ જાળવવો હિતાવહ. |

| તુલા : ર.ત. સ્વામિ - શુક્ર | વૃશ્ચિક : ન.ય. સ્વામિ - મંગળ | ધન : ભ.ધ.ફ.ઢ. સ્વામિ - ગુરૂ | મકર : ખ.જ. સ્વામિ - શની | કુંભ : ગ.શ.ષ.સ. સ્વામિ -શની | મીન : દ.ચ.ઝ.થ. સ્વામિ - ગુરૂ |
|---|---|---|---|---|---|
| આ સપ્તાહ દરમ્યાન માનસિક તાણનો અનુભવ થાય. વ્યર્થ ઉત્પાત કરતા ધીરજ ધરી કાર્યો કરવા. કોઈપણ નિર્ણય ઉતાવળે ન લેવા. નાણાંકીય મુંઝવણનો ઉકેલ મળે. આવકવૃધ્ધિના તમારા પ્રયત્નોમાં જરૂરી સફળતા મળે. તેમ છતાં કૌટુંબિક ક્ષેત્રે ખર્ચનું પ્રમાણ વિશેષ રહે. પ્રતિકૂળતામાંથી માર્ગ કાઢી શકશો. આ સપ્તાહમાં કોઈ મોટી લે-વેંચ હોય તો તે સ્થગિત રાખવી. | આ સપ્તાહ દરમ્યાન એક નવિન અનુભવ અને ચંચળતા આપનાર નીવડે. ધાર્મિક કાર્યમાં પ્રવૃત્ત રહેવું. નવિન મિલન-મુલાકાત કે મુસાફરીથી હૃદય અત્યંત પ્રસન્નતાનો અનુભવ કરે. પારિવારીક સમસ્યાઓનો વાટાઘાટો દ્વારા હલ લાવી શકાય. નાણાંનો દૂરવ્યય થતો અટકે. સાસરાપક્ષ કે મોશાળપક્ષ તરફથી નાનોએવો લાભ મળે. જીવનસાથી સાથે વાદ-વિવાદમાં ન ઉતરવો હિતાવહ. | આ સપ્તાહમાં તમારા મનના મનોરથ ધીરે-ધીરે સફળ થતા જણાય. આ ઉપરાંત પ્રિયજનથી વિશેષ લગાવ રહે. તેના સાથે મનદુ:ખ હોય તો દૂર થશે. અણધાર્યો લાભ મેળવી શકશો. કોર્ટ-કચેરી અને જમીનને લગતા કાર્યોમાં લાભ પરંતુ આરોગ્ય બાબતે સાવચેતી રાખવી જરૂરી બને. મનમાં ચિંતા હશે તે પણ દૂર થાય તેવું બને. વ્યવસાયના કાર્યમાં મહેનત વધારવી જરૂરી બને. શેર-સટ્ટા જેવા કાર્યથી દૂર રહેવું. તબિયત એકંદરે સારી રહે. | આ સપ્તાહ દરમ્યાન કાર્યબોજ વિશેષ રહે જેથી વ્યસ્ત રહેવાય. નાણાંકીય આયોજનોને સફળતાથી પાર પાડી શકશો. સંતાન સંબંધી કાર્યમાં સફળતા મળે. અણધાર્યો પ્રવાસ કે મુસાફરી થાય. લાભની આશા ઠગારી નીવડે. અકારણ ક્રોધના ભોગ બનો. ગુપ્ત શત્રુવર્ગની પ્રબળતા છતાં પણ હિમ્મતથી વર્તાવથી નુકશાનીમાંથી બચી જવાય. મુંઝવણભર્યા પ્રશ્નોમાંથી માર્ગ મળે. રચનાત્મક પ્રવૃત્તિઓ વેગવંતી બને. મહત્વના નિર્ણયો કરી શકશો. તબિયત સંભાળવી. | આ સપ્તાહ દરમ્યાન જમીન, મકાન, વાહન, વ્યવસાયને લગતા કાર્યો માટે સમયસાનુકૂળ રહે. એકંદરે આ સપ્તાહ દરમ્યાન રોકાયેલા નાણાં છૂટા થાય. મુંઝવણમાંથી માર્ગ કાઢી શકશો. જૂના સ્નેહિવર્ગ દ્વારા પણ લાભ પ્રાપ્ત કરી શકશો પરંતુ વાણીસંયમ જાળવવો અનિવાર્ય બની જાય. જીવનસાથીને મનદુ:ખ રહે. સંતાન વર્ગ દ્વારા શુભ સમાચાર મળે. મહત્વની વ્યક્તિ માટે મિલન-મુલાકાતમાં સફળતા મળે. વેપાર-ધંધામાં પ્રગતિ થાય. | આ સપ્તાહ દરમ્યાન નવિન યોજનાઓ કે અગત્યના કાર્યમાં મંદગતિએ સફળતા મેળવી શકશો. શત્રુપક્ષથી ખાસ સાવચેતી રાખવી. કોર્ટ-કચેરીનો લગતા કાર્યોમાં નાણાંનો વ્યય થાય તેવા સંજોગો છે. પરોપકારીના કાર્યમાં પણ સાવધાની જરૂરી છે. પારિવારીક જીવનનું વાતાવરણ ઉત્સાહપૂર્વક રહે. જીવનસાથી સાથે મન દુ:ખ કે મતભેદ હોય તો નિવારણ થાય. |

# રાજ્યની પ્રાથમિક સ્કૂલોના શિક્ષકો હવે ૪૦ સપ્તાહનો કોર્ષ કરશે

## NCERT દ્વારા ધોરણ-૬થી ૮ના વિજ્ઞાન વિષયના શિક્ષકો માટે કોર્ષની જાહેરાત કરી

અમદાવાદ, તા.૧૪

NCERT દ્વારા રાજ્યની પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતા વિજ્ઞાન વિષયના શિક્ષકો માટે સ્વૈચ્છિક ઓનલાઈન કોર્સ શરૂ કરવાની જાહેરાત કરી છે. આ કોર્સ ૨૧ નવેમ્બરના રોજ શરૂ થશે અને ૪૦અઠવાડિયામાં પૂર્ણ કરવામાં આવશેતેમ સૂત્રોએ જણાવ્યું હતું. ૪૦ અઠવાડિયાના આ કોર્સમાં વિવિધ ૪૦ જેટલા મોડ્યુઅલ રાખવામાંઆવ્યા છે. જેથી નિયત સમયમાં કોર્સ પૂર્ણ થઈ શકે તે માટે શિક્ષકોએ સપ્તાહમાં ૬થી ૮ કલાક સુધી ઓનલાઈન કોર્સમાં જોડાવવાનું રહેશે. રાજયની શાળાઓમાં ફરજ બજાવતા શિક્ષકોને સમયાંતરે તાલીમ આપવામાં આવતી હોય છે. ઘણા કિસ્સામાં શિક્ષકોને જનરલ ટ્રેનિંગ ઉપરાંત તેમના વિષયને લગતી ટ્રેનિંગ પણ આપવામાં આવતી હોય છે. જીસીઈઆરટી તેમજ સમગ્ર શિક્ષા દ્વારા શિક્ષકોને તાલીમ આપવામાં આવતી હોય છે, પરંતુ થોડા વર્ષોથી NCERT દ્વારા પણ શિક્ષકોને ઓનલાઈન તાલીમ આપવાનું શરૂ કર્યું હતું. જેમાં હવે શિક્ષકો માટે ઓનલાઈન કોર્સની જાહેરાત કરવામાં આવી છે. NCERT દ્વારા ડાયટ લેક્ચરર અને ઉચ્ચ પ્રાથમિક ધો.૬થી ૮ના વિજ્ઞાન વિષયના શિક્ષકો માટે વ્યવસાયિક સજ્જતા માટે ઓનલાઈન કોર્સ શરૂ કરવાનો નિર્ણય લીધો છે. આ કોર્સ ૨૧ નવેમ્બરથી શરૂ થશે. આ કોર્સને લઈને જીસીઈઆરટી દ્વારા પરિપત્ર કરવામાં આવ્યો છે. જેમાં ડાયટ લેક્ચરર અને જિલ્લાની તમામ શાળાઓને જાણ કરવા માટે સૂચના આપવામાં આવી છે. શાળાના શિક્ષકો વિજ્ઞાન વિષયના આ ઓનલાઈન કોર્સમાં જોડાઈ શકે તે માટે શાળાઓને જાણ કરાયા બાદ શાળાઓએ શિક્ષકોને માહિતી આપી છે. આ કોર્સનો ઉદ્દેશ શિક્ષકોને વિજ્ઞાનની વિભાવનાઓની સમજને સમૃદ્ધ બનાવવાનો તેમજ રોજીંદા જીવન સાથે જોડવા પર ભાર મૂકવામાં આવ્યો છે. આ કોર્સમાં જોડાવવા માટે રૂા.૨ હજાર રજિસ્ટ્રેશન ફી રાખવામાં આવી છે. આ કોર્સમાં શિક્ષકો સ્વખર્ચે સ્વૈચ્છિકરીતે જોડાઈ શકે તે માટે સૂચના અપાઈ છે. આ કોર્સમાં ૪૦ મોડ્યુલનો સમાવેશ કરવામાં આવ્યો છે. જે ૪૦ અઠવાડિયામાં પૂર્ણ કરવા માટે અઠવાડિયે ૬થી ૮ કલાક જોડાવવાનું રહેશે. કોર્સ પૂર્ણ કર્યા બાદ NCERT દ્વારા ડિપ્લોમા એવોર્ડ આપવામાં આવશે.

# વાંદરો રસ્તો ક્રોસ કરતી વખતે બાઈકના ટાયરમાં ફસાઈ ગયો

નવી દિલ્હી, તા.૧૪

જાનવરો આમ તો ખૂબ જ બુદ્ધિશાળી હોય છે, પરંતુ તેઓ મનુષ્ય સાથે જોડાયેલી બાબતો જાણતા નથી તેથી તેમની સામે તેમની સમજણ કામ આવતી નથી. જેના કારણે ઘણી વખત તેઓ મુશ્કેલીમાં મૂકાય છે. તાજેતરમાં જ એક વાંદરાની સાથે પણ આવું જ બન્યું જે રોડ ક્રોસ કરતી વખતે અચાનક મોટી મુશ્કેલીમાં આવી ગયો. ઉત્તરપ્રદેશના આ વાનરનો વીડિયો સોશિયલ મીડિયા ઉપર વાયરલ થઈ રહ્યો છે. આ દિવસોમાં સોશિયલ મીડિયા યુઝર્સ ઉત્તરપ્રદેશના બારાબંકીમાં બનેલી એક ઘટનાનો વીડિયો શેર કરી રહ્યા છે. હાલમાં જ @greenwhispe નામના એકાઉન્ટ ઉપરથી ટ્વિટર ઉપર આ વીડિયો પણ ટ્વિટ કરવામાં આવ્યો છે. વાસ્તવમાં આવીડિયો એક વાંદરાનો છે જે ખૂબ જ વિચિત્ર રીતે બાઈકના આગળના ટાયરમાંઅટવાઈ ગયો છે. જોકે, માત્ર ભારતમાં જ નહીં, દુનિયાના ઘણા ખૂણે તમને વાંદરાઓનોઆતંક જોવા મળશે. જ્યારે તેઓ ટોળામાં હોય છે, ત્યારે તેઓ ખૂબ જ કૂદકા મારે છે. પરંતુ આ વીડિયોમાં એક અલગજ નજારો જોવા મળી રહ્યો છે. વાંદરો બાઈકના આગળના ટાયરમાં ખરાબ રીતે ફસાઈ ગયો છે. તેનું શરીર બાઈકના ટાયરના થાંભલાની વચ્ચે અટવાઈ ગયું છે, જેનાથી તમે આશ્ચર્ય પામશો કે તે આ બાજુ કેવી રીતે ફસાઈ ગયો. તમને જણાવી દઈએ કે આ વાંદરો બારાબંકીના બદોસરાઈમાં રસ્તો ક્રોસ કરવાનો પ્રયાસ કરી રહ્યો હતો. તેજ સ્પીડમાં આવતા બાઈક ઉપર તેણે ધ્યાન આપ્યું ન હતું, તે તેની સાથે અથડાયો અને આ રીતે બાઈકના ટાયરમાં ફસાઈ ગયો. ડ્રાઈવરે તરત જ બ્રેક મારીને બાઈક રોકી, નહીંતર વાંદરાએ ચોક્કસ જીવ ગુમાવવો પડ્યો હોત. આ પછી નજીકના સ્થાનિક લોકો ત્યાં આવ્યા અને બાઈકસવાર અને તે વાંદરાની મદદ કરી. તેણે બાઈકનો આગળનો ભાગ ખોલ્યો અને ટાયર અલગ કરી દીધું જેથી વાંદરો બહાર આવી શકે. થોડા સમય પહેલા ઉત્તરપ્રદેશના એક વાનરનો વધુ એક વીડિયો ચર્ચામાં આવ્યો હતો જેમાં એક વાંદરો માણસ પાસેથી દારૂની બોટલ છીનવતો જોવા મળ્યો હતો.

### બે ચોપડી ભણેલા પિતાની ઈચ્છા દીકરી ભણે એવી હતી

# જામખંભાળિયામાં શાકભાજી વેચતા શખ્સની પુત્રીએ મેજિસ્ટ્રેટની પરીક્ષા પાસ કરી

## મેજિસ્ટ્રેટ માટેની પરીક્ષા આવી ત્યારે જ પાર્વતી બીમાર પડી છતાં હિંમત હાર્યા વગર પરીક્ષા આપીને સારૂં પરિણામ લાવી

જામખંભાળિયા, તા.૧૪

જામખંભાળીયા તાલુકાના કેશોદ ગામમાં રહેતા દેવરામભાઈ મોકરીયા અને ડાહીબેન મોકરિયાની દીકરી પાર્વતી ગામની જ સરકારી પ્રાથમિકશાળામાં અભ્યાસ કરતી હતી. માત્ર બે ચોપડી ભણેલા પિતા દેવરામભાઈની અંતરની ઈચ્છા હતી કે દીકરી પાર્વતી ભણી-ગણીને ખૂબ આગળ વધે. દીકરીને સારૂ શિક્ષણ મળે એ માટે ગામડે ખેતી કરતા દેવરામભાઈ જામનગર રહેવા માટે આવી ગયા.

માત્ર ૨ ચોપડી ભણેલા દેવરામભાઈ પરિવારનું ગુજરાન ચલાવવા અને દીકરીના અભ્યાસના ખર્ચ માટે બ્રાસપાટના કારખાનામાં મજૂરી કરવા માટે જતા હતા. થોડી બચત થઈ એટલે શાકભાજીની લારી ચાલુ કરી. ઘણા લોકોએ દેવરામભાઈને કહ્યું, દીકરીને બહુ ભણાવવાની ન હોય. દેવરામભાઈ કોઈની વાત સાંભળ્યા વગર દીકરીની સોનેરી કારકિર્દી માટે સતત કામ કરતા રહેતા. જામનગરના સ્લમ વિસ્તારમાં સાવ સામાન્ય મકાનમાં રહે પણ સંતાનોના ભણતરમાં સહેજ પણ ઉણપ આવવા ન દે.

પાર્વતી પણ માતાપિતાના તેના ઉપરના વિશ્વાસને સવાયો સાબિત કરવા માટે ખૂબ મહેનત કરે. ધોરણ-૧૨ સુધીનો અભ્યાસ પૂર્ણ કર્યા બાદ આ સમજુ દીકરી એના નાના ભાઈ બહેન પણ ભણી શકે એ માટે કોલેજના અભ્યાસની સાથે સાથે પાર્ટ ટાઈમ નોકરી કરે. એલ.એલ.બી.ના અભ્યાસની સાથે સાથે જામનગરના એડવોકેટની ઓફિસમાં જુનિયરશિપ શરૂ કરી. પાર્વતીએ પણ મનમાં ગાંઠ વાળી કે મારે મેજિસ્ટ્રેટ બનવું છે. શાકભાજી વેચનારાની દીકરી મેજિસ્ટ્રેટ બને એ કલ્પના જેવું લાગે પરંતુ કલ્પનાને વાસ્તવિકતામાં બદલવા માટે પાર્વતીએ સખત મહેનત શરૂ કરી. ઘરે વાંચવા માટે અલગ રૂમની પણ વ્યવસ્થા નહોતી છતાં આ દીકરી એડજસ્ટ કરીને સતત વાંચ્યા કરે. મમ્મી ડાહીબેન પણ દીકરીની જજ બનવાની યાત્રામાં એ પણ સામેલ થઈ ગયા.

મેજિસ્ટ્રેટ માટેની પ્રિલીમીનરી પરીક્ષા આવી ત્યારે જ પાર્વતી બીમાર પડી. હિંમત હાર્યા વગર શારીરિક અસ્વસ્થતા વચ્ચે પણ એમણે પરીક્ષા આપી અને પાસ કરી. જયારે મુખ્ય પરીક્ષા આવી ત્યારે એક જ દિવસમાં બે પેપર લખવાના હતા. પેપર ખૂબ લાંબા હોય એટલે જ્યારે પહેલું પેપર પૂરૂ થયું ત્યારે પેન પકડવાને આંગળી ઉપર ફોલ્લો થઈ ગયો. હવે બીજું પેપર કેમ આપવું ? પરંતુ આ હિંમતવાન દીકરીએ ફોલ્લા સાથે બીજુ પેપર લખવાની શરૂઆત કરી. ખૂબ પીડા થતી હતી અને પેન પકડવાનું ફાવતું નહોતું એટલે જાતે જ ફોલ્લો ફોડી નાખ્યો અને પેપર લખવાનું ચાલુ રાખ્યું. થોડીવારમાં આંગળીના એ ભાગથી લોહી નીકળવાનું શરૂ થયું. સુપરવાઈઝરનું ધ્યાન ગયું એટલે એમને આંગળી ઉપર પાટો બાંધવા કહ્યું અને તે માટે મદદ પણ કરી પરંતુ જો પાટો બાંધેલી આંગળી સાથે પેન પકડીને પેપર લખે તો લખવામાં ઝડપ ન આવે એટલે એમ જ પાટા વગર પેપર લખવાનું શરૂ કર્યું. ખૂબ પીડા થતી હતી પરંતુ નજર સામે મેજિસ્ટ્રેટની ખુરશી દેખાતી હતી એટલે બધું સહન કરીને પેપર પૂરૂ કર્યું. પાર્વતીર ખૂબ સારા માર્કસ સાથે મુખ્ય પરીક્ષા પણ પાસ થઈ ગઈ અને ઈન્ટરવ્યૂમાં પણ એનું પરફોર્મન્સ સારૂ રહ્યું.

સખત પરિશ્રમના પરિણામરૂપે પાર્વતીએ ગુજરાત હાઈ કોર્ટ દ્વારા લેવાયેલી ફર્સ્ટ ક્લાસ જ્યુડીશિયલ મેજિસ્ટ્રેટની પરીક્ષા સફળતાપૂર્વક પાસ કરી અને મેજિસ્ટ્રેટ તરીકે પસંદગી પામી. થોડા સમય પહેલા જ આવેલા પરિણામે એક ઓછું ભણેલા પિતાએ અને અભણ માતાએ એની દીકરી ઉપર મૂકેલા વિશ્વાસને પાર્વતીએ પૂર્ણ કરી બતાવ્યો. પાર્વતી પોતાની સફળતાનું રહસ્ય સમજાવતા કહે છે કે 'કોઈપણ કાર્ય સિદ્ધ કરવા માટે પહેલા ધ્યેય નક્કી કરવું પડે. ધ્યેયને પાર પાડવા માટે ધગશ સાથે મહેનત કરવી પડે અને યોગ્ય પરિણામ માટે ધીરજ રાખવી પડે.'

# શી જિનપિંગે ચીની સૈન્યને લડવા અને જીતવા માટે તૈયાર રહેવા હાંકલ કરી

બેઈજિંગ, તા.૧૪

ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે કહ્યું છે કે ચીનની રાષ્ટ્રીય સુરક્ષા વધતી અસ્થિરતાનો સામનો કરી રહી છે અને તેમણે પીપલ્સ લિબરેશન આર્મી (પીએલએ)ને તેની તમામ શક્તિઓ ક્ષમતા વધારવા અને યુદ્ધ લડવા અને જીતવા માટે લડાઈની તૈયારી જાળવવા માટે સમર્પિત કરવાનો આદેશ આપ્યો છે. ૬૯ વર્ષીય શી જિનપિંગે શાસક કમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ચાઈના (CPC)ના જનરલ સેક્રેટરી અને સેન્ટ્રલ મિલિટરી કમિશન (CMC)ના વડા અને પાર્ટી દ્વારા અભૂતપૂર્વ ત્રીજા પાંચ વર્ષના કાર્યકાળ માટે પુર્નઃનિયુક્ત કરવામાં આવ્યા છે. પક્ષના વડા, સૈન્ય અને પ્રમુખપદના ત્રણ શક્તિશાળી હોદ્દાઓ ધરાવતા, પક્ષના સ્થાપક માઓ ઝેડોંગ સિવાય શી જિનપિંગ એકમાત્ર એવા નેતા છે જેઓ ૧૦ વર્ષનો કાર્યકાળ પૂર્ણ કર્યા પછી સત્તામાં રહ્યા છે, જ્યારે તેમના તમામ પુરોગામી નિવૃત્ત થયા હતા. તાજેતરમાં શી જિનપિંગે સીએમસીના સંયુક્ત ઓપરેશન કમાન્ડ સેન્ટરનું નિરીક્ષણ કર્યું જે સીપીસી સેન્ટ્રલ કમિટી અને સીએમસીના વ્યૂહાત્મક કમાન્ડને મહત્વપૂર્ણ ટેકો પૂરો પાડે છે. કમાન્ડ સેન્ટર પર પહોંચ્યા પછી, ચીની નેતાને એક બ્રીફિંગ આપવામાં આવી હતી. ૨૦લાખ મજબૂત સૈન્યને તેમના પ્રથમ સંબોધનમાં સીએમસીના વડા તરીકેના ત્રીજા કાર્યકાળની શરૂઆત કરતી વખતે, શી જિનપિંગે કહ્યું હતું કે વિશ્વ એક સદીમાં અદૃશ્ય એવા વધુ ગહન ફેરફારોમાંથી પસાર થઈ રહ્યું છે અને તેમણે ભાર મૂક્યો હતો કે ચીનની રાષ્ટ્રીય સુરક્ષા વધતી અસ્થિરતા અને અનિશ્ચિતતાનો સામનો કરી રહી છે, અને તેના લશ્કરી કાર્યો મુશ્કેલ બની રહ્યા છે. તેમણે જણાવ્યું હતું કે સમગ્ર સૈન્યએ લડાઈની તૈયારી માટે તેના તમામ કાર્ય કરવા, લડવા અને જીતવાની તેની ક્ષમતાને વધારવા અને તેના મિશન અને કાર્યોને અસરકારક રીતે પૂર્ણ કરવા માટે તેની તમામ શક્તિ સમર્પિત કરવી જોઈએ. શી જિનપિંગે તેમને રાષ્ટ્રીય સાર્વભૌમત્વ, સુરક્ષા અને વિકાસના હિતોનું નિશ્ચિતપણે રક્ષણ કરવા અને પક્ષ અને લોકો દ્વારા સોંપવામાં આવેલા વિવિધ કાર્યોને સફળતાપૂર્વક પૂર્ણ કરવા સૂચના આપી હતી. જોકે રાષ્ટ્રપતિ શી જિનપિંગે તેમના સંબોધનમાં કોઈ ચોક્કસ દેશનો ઉલ્લેખ કર્યો નહતો, પરંતુ તે સંસાધનથી સમૃદ્ધ ઈન્ડો- પેસિફિક ક્ષેત્રમાં ચીનના આક્રમક લશ્કરી દાવપેચ ઉપર વધતી જતી આંતરરાષ્ટ્રીય ચિંતા દર્શાવે છે. ચીન અને ભારતની સેનાઓ વચ્ચે પણ પૂર્વી લદ્દાખમાં લાંબા સમયથી અથડામણ થાય છે. ચીન લગભગ તમામ વિવાદિત દક્ષિણ ચાઈના સી ઉપર દાવો કરે છે, જોકે તાઈવાન, ફિલિપાઈન્સ, બ્રુનેઇ, મલેશિયા અને વિયેતનામ તેના ભાગોનો દાવો કરે છે. બેઈજિંગે દક્ષિણ ચીન સાગરમાં કૃત્રિમ ટાપુઓ અને લશ્કરી સ્થાપનો બનાવ્યા છે. ઈસ્ટ ચાઈના સીમાં જાપાન સાથે ચીનનો પ્રાદેશિક વિવાદ પણ ચાલુ છે.

શી જિનપિંગે કહ્યું કે લશ્કરી નેતૃત્વએ ૨૦૨૭ સુધીમાં PLAને વિશ્વ-સ્તરીય સશસ્ત્ર દળ બનાવવાના PLAના શતાબ્દી લક્ષ્યને સાકાર કરવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ, જેનું વ્યાપકપણે અર્થઘટન યુએસ સશસ્ત્ર દળોની સમાન બનાવવા તરીકે થાય છે. આપણે આવું કરવા માટે બનતું બધું જ કરવું જોઈએ. અમે લશ્કરી દળોના સામાન્ય અને વૈવિધ્યસભર ઉપયોગને મજબૂત બનાવીશું, નિશ્ચય અને લવચીકતા સાથે લશ્કરી સંઘર્ષો હાથ ધરીશું, સુરક્ષાને આકાર આપીશું, કટોકટી અને સંઘર્ષો અને સ્થાનિક યુદ્ધો જીતીશું. સૈન્યને શી જિનપિંગના સંબોધન અંગે ટિપ્પણી કરતા, નિવૃત્ત એરફોર્સ જનરલ ઝુ કિલિયાંગ, જેઓ સીએમસીના પૂર્વ વાઈસ-ચેરમેન હતા, તેમણે જણાવ્યું હતું કે પીએલએ શાંતિથી યુદ્ધના સમયમાં ઝડપી પરિવર્તન માટે તૈયારી કરવી જોઈએ. ગયા મહિને સીપીસી કોંગ્રેસને તેમના સંબોધનમાં, રાષ્ટ્રપતિ શી જિનપિંગે કહ્યું હતું કે ચીન વ્યૂહાત્મક પ્રતિરોધકની મજબૂત પ્રણાલી સ્થાપિત કરશે.

# ★ પેન્શનનું ટેન્શન ★

ગુજરાત વિધાનસભાની ચૂંટણીનાં પડઘમ વાગી રહ્યાં છે અને રૂપાણી સરકારના મંત્રીઓ દાવેદારી ન નોંધાવે એટલે મુખ્યમંત્રી રૂપાણી સહિત સિનિયર્સ, તેમના જ લેટરપેડ ઉપર 'હું ચૂંટણી નથી લડવાનો' જેવું લખી-લખાવીને કે લખાવડાવીને વીરતાભરી પીછેહઠ કરી રહ્યા છે. આવું હોય ત્યારે પેન્શનની વાત કરવાનું કોઈને ઉચિત ન લાગે એમ બને, પણ ચૂંટણી અને ચૂંટણી માટેની ભૂમિકાનો ખેલ હવે બારમાસી વેપાર છે ત્યારે મહત્ત્વના મુદ્દે વાત ન કરવાનું પણ ઠીક નથી, એટલે પેન્શન વિષે વાત કરવાનું સ્વીકાર્યું છે. કમાલ એ વાતે છે કે આ રાજ્યમાં જ એટલા રાજકીય વફાદારો ઊભા થયા છે કે વફાદારીમાં કૂતરાનો નંબર હવે બીજો આવે છે. એવી ઘટના યાદ આવે છે જેમાં એક પેન્શનરનાં મૃત્યુ પછી તેના સંબંધીઓએ અંગૂઠો કાપીને અને પછી એ અંગૂઠો મારી મારીને થોડો વખત પેન્શન લીધે રાખેલું. પેન્શનરને મર્યા પછી પણ શાંતિ ન હતી. એ પછી બીજી એક ઘટના ઉત્તર પ્રદેશના બાંદાની ૨ નવેમ્બર, ૨૦૨૨ને રોજ સામે આવી છે, જેમાં ૭૨ વર્ષની એક મહિલાએ SDM રજત વર્મા પાસે જઈને કહ્યું કે ગામના સચિવે તેને મૃત જાહેર કરીને તેનું પેન્શન બંધ કરી દીધું છે. એક ઘટનામાં મૃતને જીવિત રાખીને પેન્શન લેવાની વાત છે તો બીજીમાં જીવિતને મૃત ગણીને તેનું પેન્શન રોકવાની વાત છે. કોઈ એક વ્યક્તિ કોઈ એક સરકારી કે ખાનગી સંસ્થાને પગારના બદલામાં આખી યુવાની ને પ્રૌઢાવસ્થાનાં મહત્વનાં વર્ષો સોંપી દે છે ને એ સેવાના બદલે તેની વૃદ્ધાવસ્થા ઓશિયાળી ન વીતે એટલે તેને પેન્શન પાત્ર ગણવામાં આવે છે. આમ તો પેન્શન નિયમો પ્રમાણે બંધાતું હોય છે, પણ પરિસ્થિતિમાં સમય જતાં ફેરફારો આવ્યા છે. જેમ કે સરકારે ને સંસ્થાઓએ, નવા જોડાનાર કર્મચારીઓને મળનારા નિવૃત્તિનાં લાભોમાંથી પેન્શનની બાદબાકી કરી નાખી છે, એટલે નિવૃત્તિ પછી પેન્શન વગર અન્ય લાભોમાંથી જ જે તે વ્યક્તિએ ચલાવવાનું રહે છે. જે વ્યક્તિને પેન્શન આપવામાં આવે છે એ રકમ વધતી જતી મોંઘવારીની સામે અને વધતી વયની માંદગીના ખર્ચની સામે એટલી ઓછી છે કે કોઈના ઓશિયાળા બનવા સિવાય તેને ચાલે જ નહીં. જેમ પગારનું અપડેશન થાય છે, એમ જ પેન્શનનું પણ થવું જોઈએ, પણ એવું થતું નથી. બેન્ક પેન્શનર્સની પેન્શન અપડેશનની વાતો ઘણાં વર્ષથી સરકાર ટલ્લે ચડાવીને બેઠી છે ને મગનું નામ મરી પાડતી નથી તે દુઃખદ છે ને એથી વધારે દુઃખદ એ છે કે આપણી સરકારો હિંસક આંદોલન વગર કોઈ માંગણી કાને ધરતી જ નથી

ગત ૪ નવેમ્બરે સુપ્રીમ કોર્ટે કર્મચારી પેન્શન યોજનાની ૨૦૧૪ની સ્કિમને સમર્થન આપ્યું છે એ કેટલીક બાબતે ઠીક થયું છે, જેમ કે, સુપ્રીમે પેન્શન ફંડમાં જોડાવા માટેની ૧૫૦૦૦ રૂપિયાની માસિક પગારની મર્યાદા રદ કરી છે. સુનાવણી દરમ્યાન સુપ્રીમે, જે લોકોએ પેન્શન યોજનાનો વિકલ્પ પસંદ કર્યો નથી તેમને એની પસંદગી માટે ૬ મહિનાનો સમય આપ્યો છે. એટલે ૧૫૦૦૦થી વધુ પગાર હોય તો તે મુજબ પેન્શનની રકમમાં વધારો થશે. કંપનીની અને કર્મચારીની મંજૂરીથી હવે ૧૫૦૦૦થી વધુના પગાર પર પેન્શન નક્કી થતાં, વધતાં પેન્શનનો લાભ કર્મચારીઓને મળશે. આ ચુકાદાની મર્યાદા એ છે કે તે ૧/૦૯/૨૦૧૪ પહેલાંના નિવૃત કર્મચારીઓ અંગે ફોડ પાડીને વાત કરતો નથી.

ઘણી વાર પેન્શન યોજના અંગે એકવાક્યતા જોવા મળતી નથી. એનું એક ઉદાહરણ સરકારે જ પૂરૂ પાડ્યું છે. ખાનગી કંપનીમાં નોકરી કરતાં કર્મચારીઓનાં પ્રોવિડન્ટ ફંડનું સંચાલન એમ્પ્લોઈઝ પ્રોવિડન્ટ ફંડ કરે છે. આ ઓર્ગેનાઈઝેશનના સબસ્ક્રાઈબર્સના પેન્શનમાં વધારો કરવાની સંસદીય સમિતિએ દરખાસ્ત મૂકી જેને મોદી સરકારે ફગાવી દેતાં સંઘર્ષ થાય તેવા સંજોગો ઊભા થયા છે. લાંબા સમયની માંગને ધ્યાને લઈને બીજેડીના સાંસદ ભર્તૃહરિ મહતાબના પ્રમુખપદ હેઠળની શ્રમ અને રોજગાર અંગેની સંસદીય સ્થાયી સમિતિએ શ્રમ મંત્રાલયને પેન્શન વધારવા અંગેની ભલામણ કરી હતી. મોદી સરકારના શ્રમ મંત્રાલયે એ ભલામણ માન્ય રાખીને નાણાં મંત્રાલયને પેન્શન વધારવા ભલામણ કરી હતી, પણ નાણાં મંત્રાલયે શ્રમ મંત્રાલયની એ દરખાસ્ત ઠુકરાવી દીધી હતી. આમ થતાં સંસદીય સમિતિએ નાણાં મંત્રાલયના અધિકારીઓ પાસે ખુલાસો માંગતાં નાણાં મંત્રાલય ધંધે લાગી ગયું છે. ખાનગી કંપનીના નિવૃત્ત કર્મચારીને મહિને માત્ર હજાર રૂપિયા પેન્શન મળે છે. એમાં સંસદીય સમિતિએ ઓછામાં ઓછાં ૨૦૦૦નો વધારો કરવાની ભલામણ કરી હતી જે આર્થિક નિષ્ણાંતોના મતે યોગ્ય હતી, કારણ આજના સમયમાં હજારનું પેન્શન તો મશ્કરી કે અપમાન કરવા બરાબર જ છે. કમનસીબે આ યોગ્ય ભલામણ નાણાં મંત્રાલયને અયોગ્ય લાગી અને તેને નકારી દેવામાં આવી. એ કેમ નકારવામાં આવી તેનો કોઈ ખુલાસો અત્યાર સુધી તો આવ્યો નથી, પણ આ બાબત કેટલાક પ્રશ્નો ઊભા કરે છે. જેમ કે, શ્રમ મંત્રાલયની એટલી પાત્રતા નથી કે તે કોઈ વાજબી ભલામણ કરી શકે? ખાનગી કંપનીનાં નિવૃત્ત કર્મચારીને મળતું ૧૦૦૦નું પેન્શન નાણાં મંત્રાલયને પૂરતું કઈ રીતે લાગ્યું? બે હજારનો વધારો એવો અજુગતો હતો કે તેને નકારવો જ પડે? હજારના પેન્શનમાં કોઈ નિવૃત્ત કર્મચારી જીવન નિર્વાહ સહેલાઈથી કરી શકે એટલી સોંઘવારી આ દેશમાં છે, ખરી ? જો ના, તો નાણાં મંત્રાલયે આ ભલામણ નકારીને નિવૃત્તોને ઉશ્કેરવાનું જ કામ કર્યું છે કે બીજુ કંઈ ?

એટલું સ્પષ્ટ જણાય છે કે બે મંત્રાલયો વચ્ચે કો-ઓર્ડિનેશન જેવું ઓછું છે. નાણાંમંત્રીની આ દેશના મધ્યમવર્ગીય લોકો અંગેની સમજ પણ સ્પષ્ટ નથી. ૬ લાખ સુધીની આવક ધરાવતી વ્યક્તિ એમને લોઅર મિડલ ક્લાસની લાગે છે ને બીજી તરફ પેન્શનમાં ૨ હજારનો વધારો એમના મંત્રાલયને ફગાવવા જેવો લાગે છે તે અનેક સ્તરે ચર્ચાસ્પદ છે. એક તરફ મંત્રીઓને અપાતો પગાર અને એમને મળનારૂ પેન્શન છે ને તેનાં ગંજાવર આંકડાઓ છે, બીજી બાજુએ અસહ્ય મોંઘવારીની સામે હજાર રૂપરડી પેન્શન સાથે મરવા વાંકે જીવી રહેલો નિવૃત્ત કર્મચારી છે. એક તરફ પેન્શન બધેથી કાઢતાં જઈને સરકાર જવાદારીઓમાંથી છટકી રહી છે ને બીજી તરફ મોંઘવારીની સામે વધી રહેલી આત્મહત્યાઓનાં વધતાં આવતા મોટા આંકડાઓ છે. આનાથી કોઈ સુખદ કે આનંદદાયક ચિત્ર નથી જ ઉપસતું. એક તરફ ગુલાબી ચિત્રો ઉપસાવાઈ રહ્યાં હોય ને બીજી તરફ ગરીબી અને મોંઘવારીને લીધે ગુનાખોરી વધતી આવતી હોય ત્યારે પ્રશ્ન થાય કે આઝાદીનો અમૃત મહોત્સવ, મૃત મહોત્સવની ગરજ તો નથી સારતો ને ? બધેથી નીકળી રહેલું પેન્શન કોર્પોરેશન, વિધાનસભા અને સંસદમાંથી નથી નીકળ્યું. કેમ ? એના સભ્યો વધારે ગરીબ છે, એટલે ? પેન્શન નોકરી ન કરનારને પણ મળે એનો દાખલો રાજ્ય સરકારો અને કેન્દ્ર સરકારો બેસાડતી ગઈ છે. સરકાર જાણે છે કે સાંસદો અને વિધાનસભ્યો નોકરિયાતો નથી, તેઓ સેવકો છે, પણ તેમને મહિને લાખોનો પગાર ચૂકવાય છે. પગાર ઉપરાંત અનેક ભથ્થાં ને વીજળી, પાણી, મુસાફરીની મફત સુવિધાઓ અપાય છે. એમાં હવાઈ મુસાફરી પણ શરતોને આધીન ખરી જ ! આ ઉપરાંત ટર્મ પૂરી થતાં સભ્યોને ભરપેટ પેન્શન અપાય છે. હાલમાં પેન્શન મેળવતા કર્મચારીઓની પચીસ ત્રીસ વર્ષની નોકરી થઈ હોય ત્યારે પેન્શન બંધાયું હોય છે, જયારે કોર્પોરેટર કે વિધાનસભ્ય કે સાંસદ જો ૫ વર્ષની ટર્મ પૂરી કરે તો તેનું પેન્શન પાકું થઈ જાય છે. તેની ખૂબી એ છે કે કોર્પોરેટરની ટર્મ પૂરી થાય તો તેનું, તે જો વિધાન સભ્ય થાય તો તેનું ને જો સાંસદ તરીકે ટર્મ પૂરી કરે તો તેનું, એમ ત્રણ ત્રણ પેન્શન એક જ વ્યક્તિને મળવાં પાત્ર બને છે, શરત એટલી કે ટર્મ પૂરી થઈ હોવી જોઈએ. એની વિશેષતા એ પણ ખરી કે આ રીતે પેન્શન કે પગાર મળે તેનાં ઉપર કોઈ ટેક્સ ભરવાનો થતો નથી. આવી રાજાશાહી ભોગવવા જ પાર્ટી સભ્યો સાંસદ કે વિધાનસભામાં બેસવા લાખોનું આંધણ કરે છે. આ રીતે આંધણ મૂકનાર બરાબર જાણે છે કે આ બધું તો ચપટી વગાડતામાં ફરી આવી મળવાનું છે. એ જ કારણ છે કે ગુજરાત વિધાનસભાની ૧૮૨ સીટ માટે ચારેક હજારથી વધુ ઉમેદવારોનો મધપૂડો અત્યારે ચૂંટણીને બાઝયો છે. તો, આ ચિત્ર છે. એક બાજુ ત્રીસ પાંત્રીસ વર્ષની નોકરી છતાં, નિવૃત્તિ પછી પેન્શનનો કોઈ લાભ ન મળે એની પેરવી ચાલે છે, જેમને મળે છે તેમનેય ભીખના ટુકડાની જેમ ફેંકાય છે ને બીજી તરફ એક જ વ્યક્તિ જો સરકારમાં સાંસદ થવા સુધી પહોંચે તો ટર્મ દીઠ તેને કોર્પોરેટરનું, વિધાનસભ્યનું અને સાંસદનું એમ ત્રણ ત્રણ પેન્શન કરમુક્ત રીતે મળવા પાત્ર બને છે. બંધારણમાં સમાનતાની વાત છે ને વાસ્તવિકતા એ છે કે અસમાનતા જ ઠેર ઠેર નજરે ચડે છે. એકને ગોળ ને એકને ખોળ એમને એમ તો નહીં જ કહેવાયું હોય, ખરૂં ?

**નાણાંમંત્રીની આ દેશના મધ્યમવર્ગીય લોકો અંગેની સમજ પણ સ્પષ્ટ નથી. ૬ લાખ સુધીની આવક ધરાવતી વ્યક્તિ એમને લોઅર મિડલ ક્લાસની લાગે છે ને બીજી તરફ પેન્શનમાં ૨ હજારનો વધારો એમના મંત્રાલયને ફગાવવા જેવો લાગે છે તે અનેક સ્તરે ચર્ચાસ્પદ છે. એક તરફ મંત્રીઓને અપાતો પગાર અને એમને મળનારૂ પેન્શન છે ને તેનાં ગંજાવર આંકડાઓ છે, બીજી બાજુએ અસહ્ય મોંઘવારીની સામે હજાર રૂપરડી પેન્શન સાથે મરવા વાંકે જીવી રહેલો નિવૃત્ત કર્મચારી છે. એક તરફ પેન્શન બધેથી કાઢતાં જઈને સરકાર જવાદારીઓમાંથી છટકી રહી છે ને બીજી તરફ મોંઘવારીની સામે વધી રહેલી આત્મહત્યાઓનાં વધતાં આવતા મોટા આંકડાઓ છે. આનાથી કોઈ સુખદ કે આનંદદાયક ચિત્ર નથી જ ઉપસતું. એક તરફ ગુલાબી ચિત્રો ઉપસાવાઈ રહ્યાં હોય ને બીજી તરફ ગરીબી અને મોંઘવારીને લીધે ગુનાખોરી વધતી આવતી હોય ત્યારે પ્રશ્ન થાય કે આઝાદીનો અમૃત મહોત્સવ, મૃત મહોત્સવની ગરજ તો નથી સારતોને ?**

ચૂંટણી જાહેર થતા જ પરિવારોમાં ઘર્ષણનાં એંધાણ

# અનેક બેઠક ઉપર ભાઈ-બહેન, નણંદ-ભાભી આમને સામને

## રાજ્યની ૧૮૨ બેઠકો માટે પ્રથમ તબક્કા માટે ૧ ડિસેમ્બરે અને બીજા તબક્કા માટે ૫ ડિસેમ્બરે મતદાન

અમદાવાદ, તા.૧૪

ગુજરાત વિધાનસભાની ચૂંટણીની તારીખોની જાહેરાતની સાથે જ તમામ પક્ષોએ પોતાના ઉમેદવારોની જાહેરાત પણ શરૂ કરી દીધી છે. તાજેતરમાં જાહેર કરાયેલા ઉમેદવારોની યાદી દર્શાવે છે કે, આ વખતે ચૂંટણી ઘણી બેઠકો પર ખૂબ જ રસપ્રદ બનવાની છે. કેટલીક બેઠકો પર ભાઈ-બહેનો સામસામે છે તો કેટલીક જગ્યાએ ડોકટરો દાવેદારી દાખવી રહ્યા છે તો કેટલીક જગ્યાએ એક જ પરિવારના નણંદ અને ભાભી મેદાનમાં છે.

રાજ્યની ૧૮૨ બેઠકો માટે પ્રથમ તબક્કા માટે ૧ ડિસેમ્બરે અને બીજા તબક્કા માટે ૫ ડિસેમ્બરે મતદાન થશે. જામનગરમાં બીજેપીએ રવિન્દ્ર જાડેજાના પત્ની રીવાબા જાડેજાને ઉમેદવાર જાહેર કર્યા છે. તેઓ લગભગ ૩ વર્ષ પહેલા બીજેપીમાં સામેલ થયા હતા. તે ખૂબ જ સક્ષમ અને પાર્ટીનો મહિલા ચહેરો છે. આ બેઠક પરથી વર્તમાન ધારાસભ્યને ફરીથી ટિકિટ આપવામાં આવી નથી. આ સાથે જ કોંગ્રેસે રવિન્દ્ર જાડેજાના બહેન નયનાબાને પોતાના ઉમેદવાર બનાવ્યા છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે ઘણા લોકો ઈચ્છતા હતા કે નયનાબાને ટિકિટ આપવામાં આવે.

ગુજરાતમાં મોટાભાગે જાતિનું રાજકારણ થાય છે અને અહીં લોકો સત્તા માટે ગમે તે હદે જઈ શકે છે. આ પછી અંકલેશ્વરમાં બે ભાઈઓ એકબીજા સાથે લડતા જોઈશું. કેટલાકને ભાજપે અને બીજાને કોંગ્રેસે ટિકિટ આપી છે. અંકલેશ્વર બેઠક પરથી ભાજપે વર્તમાન ધારાસભ્ય ઈશ્વરસિંહ પટેલને ટિકિટ આપી છે. આ બેઠક પરથી ઈશ્વરસિંહ પટેલ છેલ્લા ચાર વખત ધારાસભ્ય છે.

કોંગ્રેસે ઈશ્વરસિંહ પટેલ સામે તેમના ભાઈ વિજયસિંહ પટેલને મેદાનમાં ઉતાર્યા છે. વિજયસિંહ પટેલે તેમના ભાઈને દરેક સમયે મદદ કરી છે, તેમની સાથે રહ્યા છે. જોકે, એક વર્ષ પહેલા બંને ભાઈઓ વચ્ચે ઝઘડો થયો હતો. હવે બંને વચ્ચે કંઈ જ બરાબર નથી. છ મહિના પહેલા વિજયસિંહ કોંગ્રેસ પાર્ટીમાં જોડાયા હતા.

બીજેપીએ આ વિધાનસભા ચૂંટણી માટે અનેક નવા અને યુવા ચેહરાને તક આપી છે. નરોડા બેઠક માટે બીજેપીએ સૌથી ઓછી ઉંમરની અને ખૂબ જ કાબિલ મહિલા ઉમેદવારને મેદાનમાં ઉતારી છે. ભાજપે નરોડા બેઠક માટે એમડી ડો.પાયલ કુકરાણીને મેદાનમાં ઉતાર્યા છે. તેણી માત્ર ૨૯ વર્ષની છે.

પાયલે જીએસઈબીમાંથી ૨૦૦૮માં સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ, હાંસોલમાંથી એસએસસી પૂર્ણ કર્યું. ત્યારબાદ ૨૦૧૦માં તેણે ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજમાંથી વિજ્ઞાન પ્રવાહમાં એચએસસી પૂર્ણ કર્યું હતું.

સુરતની વરાછા બેઠક પાટીદાર પ્રભુત્વવાળી બેઠક છે. અહીં ત્રણેય પક્ષો ભાજપ, કોંગ્રેસ અને આપએ પાટીદાર ઉમેદવાર ઉભારાખ્યા છે. કુમાર કાનાણીને ભાજપની વધુ એક ટિકિટ મળી છે. બીજી તરફ કોંગ્રેસ તરફથી પ્રફુલ્લ તોગડિયાને ટિકિટ આપવામાં આવી છે. આપના અલ્પેશ કથીરિયા કે, જેઓ પાટીદાર આંદોલનનો ચહેરો હતા અને પાસ (પાટીદાર અનામત આંદોલન સમિતિ)ના કન્વીનર હતા. ભાજપે અમિત શાહને એલિસબ્રિજ સીટ પરથી પોતાના ઉમેદવાર બનાવ્યા છે. જો કે, આ અમિત શાહ નથી જે તમે વિચારી રહ્યા છો. આ અમિત શાહે અમદાવાદ શહેરમાં ભાજપમાં સક્રિય ભૂમિકા ભજવી છે. પાર્ટીએ તેમના પર વિશ્વાસ દર્શાવ્યો છે અને તેથી જ તેમને ટિકિટ આપી છે. એલિસબ્રિજ ભાજપનો ગઢ છે. છેલ્લા ૪૦ વર્ષથી કોંગ્રેસ આ સીટ જીતી શકી નથી.

સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના સત્રમાં ભારતની રજૂઆત

# અફઘાનની જમીનનો ઉપયોગ આતંક માટે ન થાય : ભારત

## લશ્કર-એ-તૈયબા અને જૈશ-એ-મોહમ્મદ જેવા સંગઠનોને અહીં આશરો મળવો જોઈએ નહીં તેના ઉપર ભાર મૂકાયો

નવી દિલ્હી, તા.૧૪

ભારતે આતંકવાદના મુદ્દે અફઘાનિસ્તાન અંગે ચિંતા વ્યક્ત કરી છે. ભારતે વિશ્વ સમુદાયને કહ્યું છે કે તે સુનિશ્ચિત કરે કે અફઘાનિસ્તાનની જમીનનો ઉપયોગ આતંકવાદીઓને આશ્રય કે તાલીમ આપવા માટે ન થાય. ખાસ કરીને લશ્કર-એ-તૈયબા અને જૈશ-એ-મોહમ્મદ જેવા સંગઠનો, જેને યુએન સિક્યુરિટી કાઉન્સિલ દ્વારા પ્રતિબંધિત કરવામાં આવ્યા છે, તેમને અહીં આશરો મળવો જોઈએ નહીં. સંયુક્ત રાષ્ટ્રમાં અફઘાનિસ્તાનના નાયબ સ્થાયી પ્રતિનિધિ રાજદૂત આર રવિન્દ્રએ ગુરૂવારે સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના સત્ર દરમિયાન અફઘાનિસ્તાન અંગે નવી દિલ્હીની સુરક્ષા ચિંતાઓ વ્યક્ત કરી હતી. ઉલ્લેખનીય છે કે, પાકિસ્તાનમાંથી જૈશ અને લશ્કરના આતંકવાદીઓને અફઘાનિસ્તાનમાં શિફ્ટ કરવામાં આવ્યા છે.

જર્મનીએ ગુરુવારે યુએન જનરલ એસેમ્બલીમાં એક ઠરાવ રજૂ કર્યો હતો. આ ઠરાવમાં અફઘાનિસ્તાનમાં મહિલાઓના માનવ અધિકારો, પ્રતિનિધિ સરકારની સ્થાપના કરવામાં નિષ્ફળતા અને નબળી આર્થિક અને સામાજિક સ્થિતિ પર પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા હતા. આ પ્રસ્તાવની તરફેણમાં ૧૧૬ વોટ પડ્યા, જ્યારે ૧૦ વોટ વિરોધમાં પડ્યા, જ્યારે ૬૭ દેશોએ વોટિંગમાં ભાગ લીધો ન હતો. રવિન્દ્રએ કહ્યું કે ભારત યુએનએસસી મોનિટરિંગ ટીમ દ્વારા ભજવવામાં આવેલી ઉપયોગી ભૂમિકાની નોંધ લે છે. તે એવી પણ અપેક્ષા રાખે છે કે સંગઠન અન્ય દેશોને નિશાન બનાવવા માટે અફઘાનિસ્તાનનો આધાર તરીકે ઉપયોગ કરી શકે તેવા તમામ આતંકવાદી જૂથો પર દેખરેખ રાખવાનું અને રિપોર્ટ કરવાનું ચાલુ રાખે.

મોનિટરિંગ ટીમે તાજેતરના વર્ષોમાં અફઘાનિસ્તાનમાં હાજર લશ્કર-એ-તૈયબા અને જૈશ-એ-મોહમ્મદના લડવૈયાઓ સાથે વાત કરી છે. તે જ સમયે, કેટલાક અન્ય અહેવાલોમાં પણ કહેવામાં આવ્યું છે કે બંને પ્રતિબંધિત સંગઠનોએ તેમના લડવૈયાઓને અફઘાનિસ્તાન મોકલ્યા છે. પાકિસ્તાન પર ફાઈનાન્શિયલ એક્શન ટાસ્ક ફોર્સના દબાણ બાદ આ પગલું લેવામાં આવ્યું છે.

આ દબાણો બાદ પાકિસ્તાનમાં હાજર લશ્કર અને જૈશે તેમના લડવૈયાઓને અફઘાનિસ્તાન ખસેડ્યા છે. રવિન્દ્રએ કહ્યું કે અફઘાનિસ્તાન પ્રત્યે અમારું વલણ ઐતિહાસિક મિત્રતા અને વિશેષ સંબંધોને અનુરૂપ રહેશે. તેમણે કહ્યું કે ભારત હંમેશા અફઘાનિસ્તાનમાં શાંતિ અને સ્થિરતાના પક્ષમાં રહ્યું છે.

# હોલિડે ક્રૂઝ ઉપર ૮૦૦ યાત્રી કોરોના પોઝિટીવ આવ્યા

સિડની, તા.૧૪

દુનિયાભરમાં કોરોના મહામારીએ હાહાકાર મચાવી દીધો હતો. ત્યારે હવે ધીમે ધીમે દુનિયા પટરી પર આવી છે, ત્યાં ફરી કોરોનાના કેસ જોવા મળી રહ્યાં છે. એક હોલિડે ક્રુઝ ઉપરના ૮૦૦ મુસાફરો કોરોના પોઝિટિવ થવાના અહેવાલ મળી રહ્યાં છે. આ માહિતી મળ્યા બાદ આ જહાજને ઓસ્ટ્રેલિયાના સિડની શહેરમાં ડૉક કરવામાં આવ્યું છે.

મળતી માહિતી પ્રમાણે, મેજેસ્ટીક પ્રિન્સેસ ક્રૂઝ શિપ ન્યુઝીલેન્ડથી રવાના થયુ હતુ અને સર્ક્યુલર ક્વે પર પહોંચેલા લગભગ ૪,૬૦૦ મુસાફરો અને ક્રૂ પર સવાર હતા, જેમાંથી દર પાંચમાંથી એક મુસાફરોને કોરોના હતો. ક્રુઝ ઓપરેટર કાર્નિવલ ઓસ્ટ્રેલિયાના પ્રમુખ માર્ગુરેટ ફિટ્ઝગેરાલ્ડે જણાવ્યું હતું કે, ૧૨ દિવસની સફરના અધવચ્ચે આ કોરોનાના કેસ નોંધાવવાનું શરૂ થયુ હતુ. મોટી સંખ્યામાં કેસ સામે આવ્યા બાદ જહાજમાં હલચલ મચી ગઈ હતી, ત્યારબાદ જહાજને સિડનીમાં રોકવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. માર્ગુરાઈટ ફિટ્ઝગેરાલ્ડે જણાવ્યું હતું કે, ઘરે પહોંચવાની સાથે કોરોના પોઝીટિવ ટેસ્ટ થનારા લોકોને કવોરન્ટાઈન સમયગાળામાં અને ખાનગી પરિવહન માટે જરૂરી મદદ કર્મચારીઓ કરશે.

બ્રિટન-ભારત એક ઐતિહાસિક સમયગાળાના સાક્ષી

# સુનક સામે પડકાર બ્રિટનની આર્થિક સ્થિતિ સુધારવાનો છે

## બ્રિટનમાં લોકો મોંઘવારીથી ત્રસ્ત છે, ભારતીયોનું કહેવું છે કે, ભારત-બ્રિટન વચ્ચે એફટીએ જલ્દી થવો જોઈએ

લંડન, તા.૧૪

બ્રિટન અને ભારત એક ઐતિહાસિક સમયગાળાના સાક્ષી છે. ભારતીય મૂળના ઋષિ સુનકે પ્રથમ વખત બ્રિટનના વડાપ્રધાન તરીકેની જવાબદારી સંભાળી છે. આશાઓ અને પડકારોની લાંબી યાદી સુનકની સામે છે. બ્રિટનમાં રહેતા ભારતીયોનું માનવું છે કે, સુનક સામે સૌથી મોટો પડકાર બ્રિટનની આર્થિક સ્થિતિ સુધારવાનો છે. બ્રિટનમાં લોકો મોંઘવારીથી ત્રસ્ત છે. ભારતીયોનું કહેવું છે કે, ભારત અને બ્રિટન વચ્ચે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ (એફટીએ) પણ જલ્દી થવો જોઈએ.

યુકેના શહેર બ્રિસ્ટોલમાં રેસ્ટોરન્ટ ચલાવતા સિદ્ધાર્થ શર્મા સુનક સરકારની ઈમિગ્રેશન પોલિસીને સમર્થન આપતા નથી. તેમનું કહેવું છે કે, જૂની ઈમિગ્રેશન પોલિસીના કારણે આજે બ્રિટન આવતા પરિવારો વધુ સારી સ્થિતિમાં છે. ભારતીયો માટે બ્રિટન આવવાનો માર્ગ સરળ બનાવવો જોઈએ.

પશ્ચિમ લંડનમાં રહેતી એક બ્રિટિશ ભારતીય મૂળની મહિલાએ કહ્યું કે, સુનકના પીએમ બન્યા પછી તે ખાસ અનુભવતી નથી. તે ઈચ્છે છે કે, ઋષિ સુનક તમામ બ્રિટિશ નાગરિકો સાથે સમાન રીતે વર્તે અને તેમના માટે સારૂં કામ કરે, કારણ કે, જો સુનક કોઈ ભૂલ કરશે તો યુકેમાં રહેતા ભારતીયોને કોઈ કારણ વગર નિશાન બનાવવામાં આવશે. કેટલાક જાતિવાદી બ્રિટિશ લોકો સુનકના વડા પ્રધાન બનવાથી ખુશ નથી. શ્વેત જાતિવાદી બ્રિટિશ લોકો સુનક દ્વારા કરવામાં આવેલી કોઈપણ ભૂલની રાહ જોઈ રહ્યા છે. સુનકે ભૂતપૂર્વ વડા પ્રધાન બોરિસ જોન્સનની કેબિનેટમાં નાણાં પ્રધાન તરીકે સેવા આપી હતી. રાજીનામાના રૂપમાં શરૂ થયેલા જોહ્નસન સામેના બળવામાં સુનક સૌથી આગળ હતા. ત્યારબાદ જોન્સન કેમ્પે સુનકને દેશદ્રોહી કહ્યો. આ પછી થોડો સમય વડાપ્રધાન રહી ચુકેલા લિઝ ટ્રૂસે પણ પીએમ પદની રેસ દરમિયાન સુનકની પૃષ્ઠભૂમિનો મુદ્દો ઉઠાવ્યો હતો. હવે જ્યારે સુનક વડાપ્રધાન બન્યા છે. ત્યારે, જોન્સન અને ટ્રૂસે સુનક સામે રાજકીય દાવપેચ શરૂ કરી દીધા છે. જ્યારે સુનકે ઈજિપ્તમાં તાજેતરની સીઓપી-૨૭ મીટિંગમાં જવાનો ઈનકાર કર્યો, ત્યારે જોન્સન તરત જ બ્રિટિશ પ્રતિનિધિ તરીકે ત્યાં જવા માટે સંમત થયા. ટ્રસ કેમ્પે સુનકના મંત્રી ગેવિન વિલિયમસન સામે મોરચો ખોલવાને કારણે ગેવિને રાજીનામું આપવું પડ્યું છે.

ચૂંટણીમાં ટિકિટ વહેંચણી મુદ્દે ભાજપમાં ઠેર-ઠેર ભડકો

# વિજાપુરમાં રમણ પટેલને રિપિટ કરાતા હલ્લાબોલ

## ઉશ્કેરાયેલા કાર્યકરોની ફરિયાદ હતી કે, પાંચ વર્ષમાં ક્યારેય ધારાસભ્ય અમારા વિસ્તારમાં દેખાયા નથી

ગાંધીનગર, તા.૧૪

વિધાનસભાની ચૂંટણીમાં ટિકિટ વહેંચણીના મુદ્દે ભાજપમાં ઠેરઠેર અસંતોષની આગ ઉઠી છે. સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારો, મધ્ય ગુજરાત અને હવે ઉત્તર ગુજરાતમાં ઉકળતા ચરુ જેવી સ્થિતિ સર્જાઈ રહી છે. વિજાપુરના ધારાસભ્ય રમણ પટેલને ફરીથી ટિકિટ અપાતા તેની સામે કાર્યકરો અને લોકો ભારે વિરોધ કરી રહ્યાં છે. આજે બે હજાર જેટલા કાર્યકરો કોબા ખાતેના ભાજપના કાર્યાલય કમલમ ખાતે આવી ગયા હતા. તેમજ સૂત્રોચ્ચારથી કમલમને ગુંજવી દીધુ હતુ.

કાર્યકરો મોટી સંખ્યામાં એકાએક જ આવી ચઢતા હોદેદારો મુંઝાયા હતા. અહીંના મોટા હોલમાં બધાને શાંતિથી બેસાડવાની વ્યવસ્થા કરાઈ હતી. જો કે હોલ પણ નાનો પડ્યો હતો. ઉશ્કેરાયેલા કાર્યકરોની ફરિયાદ છે કે, પાંચ વર્ષ દરમિયના ક્યારેય ધારાસભ્ય અમારા વિસ્તારમાં દેખાયા નથી. અમારા નાના મોટા કામો કર્યા નથી. અનેક ફરિયાદો અને રજૂઆતો કર્યા છતા તેમણે ક્યારેય પ્રજાના પ્રશ્નોનુ નિરાકરણ કર્યુ નથી. માટે તેમને ટિકિટ આપવી જોઈએ નહી.

કાર્યકરોના મોટા ટોળા દ્વારા હલ્લાબોલ કરાતા તુરંત જ મોટા નેતાઓ સુધી વાત પહોંડાતા ભારે દોડધામ થઈ હતી. કોઈપણ હિસાબે આ ટોળાને સમજાવીને પરત કરવા માટેના પ્રયાસો શરૂ થયા છે. જો કે. કાર્યકરો-આગેવાનોની એક જ માગણી છે કે, રમણ પટેલ પાસેથી ટિકિટ પાછી લો અને કોઈ સારા ઉમેદવારને ટિકિટ આપો. જ્યારે પ્રદેશના નેતઆ સમજાવી રહ્યાં છે કે, ટિકિટની ફાળવણીનો નિર્ણય અમે નથી કરતા આ નિર્ણય દીલ્હીની પાર્લામેન્ટ્રી બોર્ડની બેઠકમાં થાય છે. આમછત્તા અમે તમારી લાગણીને પહોંચાડીશુ.

પુતિન ટિટ-ફોર-ટેટ ફોર્મ્યુલાને અનુસરી રહ્યા છે

# રશિયાનો અમેરિકાના ૨૦૦ નાગરિકના પ્રવેશ ઉપર પ્રતિબંધ

## એવું મનાય છે કે પુતિને આ નિર્ણય અમેરિકા દ્વારા પોતાના ઉપર લગાવવામાં આવેલા પ્રતિબંધોના બદલામાં લીધો છે

મોસ્કો, તા.૧૪

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન ટિટ-ફોર-ટેટ ફોર્મ્યુલાને અનુસરી રહ્યા છે. તેમણે અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડનના પરિવારને લઈને આવો નિર્ણય લીધો છે, જેમાં આ ફોર્મ્યુલા જોવા મળી રહી છે. હકીકતમાં, રશિયાએ ૨૦૦ અમેરિકન નાગરિકોને રશિયામાં પ્રવેશવા પર પ્રતિબંધ મૂક્યો છે. આ ૨૦૦ નાગરિકોમાં અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડનની બહેન અને બે ભાઈઓનો સમાવેશ થાય છે. એવું માનવામાં આવે છે કે પુતિને આ નિર્ણય અમેરિકા દ્વારા પોતાના પર લગાવવામાં આવેલા પ્રતિબંધોના બદલામાં લીધો છે.

અહેવાલો અનુસાર, વેલેરી બાઈડન ઓવેન્સ, જેમ્સ બ્રાયન બાઈડન અને ફ્રાન્સિસ વિલિયમ બાઈડન પર રશિયાના પ્રવાસ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. એટલું જ નહીં વ્હાઈટ હાઉસની પ્રેસ સેક્રેટરી કેરીન જીન-પિયર પણ આ યાદીમાં સામેલ છે. રશિયાએ યુક્રેન પર હુમલો કર્યા બાદ અમેરિકા સહિત વિવિધ દેશોએ રશિયા પર ઘણા પ્રતિબંધો લગાવ્યા છે. માત્ર અમેરિકા જ નહીં યુરોપના વિવિધ દેશોએ પણ રશિયા પર પ્રતિબંધો લગાવ્યા હતા. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન આ પ્રતિબંધોની ભારે ટીકા કરી રહ્યા છે.

નોંધપાત્ર વાત એ છે કે, ખેરસનમાંથી રશિયન દળોની પીછેહઠ પછી, યુક્રેનની સેનાએ ૧૧ નવેમ્બરે ત્યાં ફરીથી કબજો કર્યો. યુક્રેનના વિદેશ મંત્રીએ ખેરસનમાંથી રશિયન દળોના પીછેહઠના નિર્ણયનું સ્વાગત કર્યું છે. નોંધનીય છે કે ફેબ્રુઆરીમાં યુક્રેન પર રશિયન સેનાના હુમલા બાદ પહેલીવાર કંઈક આવું બન્યું છે, જેને યુક્રેન પોતાની જીત તરીકે જોઈ રહ્યું છે. સોશિયલ મીડિયા પર ઘણા બધા વીડિયો વાયરલ થઈ રહ્યા છે. તેમાં જોવા મળી રહ્યું છે કે યુક્રેનના લોકો ત્યાં પોતાની સેનાનું સ્વાગત કરી રહ્યા છે.

# જો આ રીતે બરફ પીગળવાનું ચાલુ રહેશે તો સમય પહેલા 'પ્રલય' આવશે

## ભારતના કોલકત્તા શહેર ઉપર સૌથી વધુ જોખમ



(એજન્સી)

નવી દિલ્હી તા. ૧૪

જળવાયુ પરિવર્તનની અસરોને રોકવા માટે, વિશ્વના નેતાઓ ઈજિપ્તમાં આયોજિત COP27માં ચર્ચા કરી રહ્યા છે. દરમ્યાન એક રિસર્ચ રિપોર્ટ જે બહાર આવ્યો છે તે ચોંકાવનારો છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, ગ્રીનલેન્ડ ઉપર કલાઈમેટ ચેન્જની મોટી અસર થઈ રહી છે. અહીંનો બરફ એટલી ઝડપથી પીછેહઠ કરી રહ્યો છે કે સમુદ્રનું સ્તર વધી રહ્યું છે. તે વૈજ્ઞાનિકોએ જે આગાહી કરી છે તેના કરતા ઘણી વધુ વૃદ્ધિ કરશે. નેચર જર્નલમાં પ્રકાશિત થયેલા સંશોધન મુજબ, વિશ્વના તે ભાગોમાં પ્રલયનો ભય છે જે દરિયા કિનારાના કિનારે વસેલા છે. તાજેતરના સંશોધનમાં જાણવા મળ્યું છે કે ગ્રીનલેન્ડમાં બરફ એટલી ઝડપથી પીછેહઠ કરી રહ્યો છે કે ૨૧૦૦ સુધીમાં, વિશ્વભરમાં સમુદ્રનું સ્તર ૬ ગણું વધી જશે. સંશોધનમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે સદીના અંતમાં પાણીનું સ્તર એટલો જ વધશે જેટલો ગ્રીનલેન્ડમાં છેલ્લા ૫૦ વર્ષમાં બરફની ચાદર વધી છે.

ગ્લેશિયર્સ ઉપર આબોહવા પરિવર્તનની અસરને સ મજવા માટે, સંશોધકોએ છેલ્લા કેટલાક દાયકાઓના જીપીએસ અને સેટેલાઈટ ડેટાનો ઉપયોગ કર્યો. બરફના પીછેહઠને કારણે ગ્રીનલેન્ડના દરિયાકિનારાથી આગામી ૩૦૦ કિલોમીટર સુધી બરફની ચાદર પાતળી થઈ ગઈ છે. ડાર્ટમાઉથ ખાતે અર્થ સાયન્સના પ્રોફેસર મેથ્યુ મોર્લિંગહામ કહે છે કે તાજેતરના દાયકાઓમાં, ઘણા હિમનદીઓએ પીછેહઠને કારણે તેમના કદમાં ઘટાડો કર્યો છે. GPS ડેટા જણાવે છે કે આબોહવા પરિવર્તન તેમને કેવી રીતે અસર કરી રહ્યું છે. તેની અસર દરિયા કિનારા ઉપર આવેલા શહેરો અને દેશોમાં પણ જોવા મળી રહી છે.

સંશોધકોએ તેમના અહેવાલમાં જણાવ્યું છે કે જે જોખમ અંદાજવામાં આવ્યું છે તેના કરતા ઘણું વધારે હોઈ શકે છે. જો બરફ આટલી ઝડપથી પીછેહઠ કરવાનું ચાલુ રાખશે, તો ગ્રીનલેન્ડ તબાહ થઈ જશે. આની પુષ્ટિ કરવા માટે, સંશોધકોએ તેમના પરિણામોને ઘણા પરિમાણો પર પરીક્ષણ કર્યું, ત્યારબાદ તે તથ્યોને અહેવાલમાં શામેલ કરવામાં આવ્યા હતા.

ડીટીયુ સ્પેસના પ્રોફેસર શફકત અબ્બાસખાનનું કહેવું છે કે બરફ જે ઝડપે ઓછો થઈ રહ્યો છે તે સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. દર વર્ષે સંશોધનમાં એ વાત સામે આવી છે કે ગ્લેશિયર્સ કેવી રીતે પીછેહઠ કરી રહ્યા છે અને આવનારા સમય માટે ખતરો કેટલી હદે વધી રહ્યો છે. આને કેવી રીતે રોકી શકાય તે વિચારવું ખૂબ મુશ્કેલ બની ગયું છે.

કલાઈમેટ ચેન્જ ઉપર સંયુકત રાષ્ટ્રના અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે, ભારતનું કોલકાતા વિશ્વના ૮ શહેરોમાં સામેલ છે જ્યાં પૂરને કારણે મૃત્યુનું જોખમ સૌથી વધુ છે. કોલકાતા ઉપરાંત તેમાં ટોક્યો, ઓસાકા, કરાચી, મનીલા, તિયાજીન અને જકાર્તાનો સમાવેશ થાય છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, કલાઈમેટ ચેન્જની અસર સૌથી વધુ એશિયાઈ દેશોમાં જોવા મળશે. ૨૦૫૦ સુધીમાં, વિશ્વના સૌથી મોટા દરિયાકાંઠાના શહેરો પૂરની ઝપેટમાં આવશે.

ભારતીય હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, કોલકાતા અને તેની આસપાસના વિસ્તારો ચક્રવાત માટે સૌથી વધુ જોખમી છે. છેલ્લા કેટલાક વર્ષોમાં આવેલા વાવાઝોડાને કારણે આસપાસની હરિયાળીને મોટા પાયે નુકસાન થયું છે. જેના કારણે પૂરનું જોખમ વધુ વધી ગયું છે.

# ફ્રાન્સના ડોક્ટરે મહિલા હાથ ઉપર ઉગાડયું નાક!

લંડન તા. ૧૪

આજે વિજ્ઞાને અદભુત પ્રગતિ કરી છે. જેની આપણે કલ્પના પણ કરી શકીએ તેમ નથી. પરંતુ તેની કેટલીક શોધો ખરેખર આશ્ચર્ય પમાડે તેવી હોય છે. આજે આપણે આવો જ એક કિસ્સો જોઈશું જેમાં ડોક્ટરોએ ખેતી કરી છે. અને એ પણ કોઈ શાકભાજીની નહીં, પરંતુ મહિલાના નાકને મહિલાના હાથ ઉપર ઉગાડયું છે. છે ને આશ્ચર્ય જનક વાત?

હાલમાં જ ફ્રાન્સમાં એક ડોક્ટરે એક મહિલાના હાથ ઉપર નાક ઉગાડ્યું અને તેને ટ્રાન્સપ્લાન્ટ કરીને તેના ચહેરા પર લગાવ્યું. સોશિયલ મીડિયા ઉપર આ સમાચાર આશ્ચર્યજનક રીતે વાઈરલ થઈ રહ્યા છે. હકીકતમાં ફ્રાન્સમાં અનુનાસિક પોલાણના કેન્સરને કારણે મહિલાએ નાક ગુમાવી દીધું હતું. ૨૦૧૩થી તે નાક વગર જીવી રહી હતી, પરંતુ મેડિકલ સાયન્સની મદદથી તેને ફરીથી નાક મળી ગયું.

અનુનાસિક પોલાણનું કેન્સર એક ખતરનાક કેન્સર છે. જેના કારણે દર્દીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. એક રિપોર્ટ અનુસાર, નાકની આસપાસની પ્રવૃત્તિને સંપૂર્ણપણે બંધ કરી દે છે. આવી સ્થિતિમાં દર્દીઓ પોતાનું નાક ગુમાવે છે. ફ્રાન્સમાં રહેતી આ મહિલા સાથે પણ આવું જ થયું છે. જો કે, 3D પ્રિન્ટીંગની મદદથી મહિલાએ તેનું નાક પાછું મેળવ્યું હતું.



મળતી માહિતી મુજબ ૨૦૧૩માં મહિલા કેન્સર સામે ઝઝૂમી રહી હતી. રેડિયોથેરાપી અને કીમોથેરાપીના કારણે મહિલાને પોતાનું નાક ગુમાવવાનો વારો આવ્યો હતો. તે સમયે વિજ્ઞાને એટલી પ્રગતિ કરી ન હતી, જેના કારણે મહિલા ફેશ માસ્ક સાથે જીવતી હતી, પરંતુ ૩ડી પ્રિન્ટિંગની મદદથી મહિલાના હાથમાં નાક બનાવવામાં આવ્યું હતું અને ટ્રાન્સપ્લાન્ટની મદદથી તેને મહિલાના નાક પાસે જ લગાવવામાં આવ્યું હતું.

ઈવનિંગ સ્ટાન્ડર્ડના એક અહેવાલ અનુસાર, ૩ડી પ્રિન્ટિંગનો ઉપયોગ કરીને મહિલાના હાથ ઉપર નાક ઉગાડવામાં આવ્યું હતું, પછી તેના ચહેરા ઉપર ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું હતું. હોસ્પિટલમાં ૧૦ દિવસ વિતાવ્યા બાદ અને દવાઓ લીધા બાદ મહિલા સંપૂર્ણ સ્વસ્થ છે.

